
AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન,
## જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

## જુલાઈ-૨૦૧૯

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

નસીહત એક ફૂલ છે.

બીજાઓને આપતાં પહેલાં પોતે પણ સુંઘી લેવું જોઈએ.

એટલે કે પ્રથમ પોતે એના ઉપર અમલ કરી લેવો જોઈએ.

અને વિચારવું જોઈએ કે સામે વાળો વ્યકિત મને આ જ નસીહત કરશે તો મને કેવું લાગશે ?

**અનુક્રમણિકા**


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| ધરતીની પ્રથમ ઈબાદતગાહ | ૫ |
| મઆરિફુલ હદીસ | ૯ |
| હઝ. ઈબ્રાહીમ અલૈ.ની મહેનત | ૧૩ |
| હજમાં જતાં પહેલાં | ૧૭ |
| બુઝુર્ગોના વિવાદમાં શું કરવું ? | ૧૯ |
| બુઝુર્ગો સાથે સુલતાનોની અકીદત | ૨૨ |
| ઈસ્લામમાં સામાજિક ન્યાય | ૨૫ |
| સલામનું મહત્વ | ૨૭ |
| ફતાવા વિભાગ | ૩૦ |
| બોધકથા | ૩૨ |
| ROLE OF MUSLIM WOMAN IN FAMILY LIFE | ૩૩ |
| છેલ્લા પાને | ૩૮ |



**અલ બલાગ**

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

જૂલાઈ– ૨૦૧૯ ઈ.

ઝીલ્કદ –૧૪૪૦ હિ.

વર્ષ – ૧૯, અંક – ૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

# જામિઅહ સંચાલિત વિવિધ શૈક્ષણિક વર્ગોનું પરિણામ

## ***મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ , જંબુસર***

***ધોરણ - ૧૦ માર્ચ ૨૦૧૯,***

શાળાનું પરિણામ ૬૬.૯૪

| વિદ્યાર્થીનું નામ | ટકા | પર્સનટાઈલ રેન્ક |
| --- | --- | --- |
| ખિલજી વસીમાબાનું ફરીદભાઈ | ૮૬.૩૩ | ૯૮.૨૯ |
| મેમણ અબ્દુલ માજીદ | ૮૪.૮૩ | ૯૭.૭૫ |
| પટેલ ફાતીમા ઈમ્તીયાઝ | ૮૩.૫૦ | ૯૭.૧૯ |
| મલેક ગોસીયાબાનું યાકુબ | ૮૩.૫૦ | ૯૭.૧૯ |

***ધોરણ - ૧૨ સામાન્યપ્રવાહ (કોમર્સ) માર્ચ ૨૦૧૯***

શાળાનું પરિણામ : ૮૩.૩૩

| | | |
| --- | --- | --- |
| શેખ જબીન જાકીર | ૬૭.૪૬ | ૮૧.૩૧ |
| પટેલ સાહીલ ઐયુબભાઈ | ૬૪.૧૩ | ૭૫.૩૦ |
| પટેલ સાહીલ યુનુસભાઈ | ૬૨.૦૦ | ૬૯.૩૯ |

***ધોરણ - ૧૨ સામાન્યપ્રવાહ (આર્ટસ્) માર્ચ ૨૦૧૯***

શાળાનું પરિણામ : ૮૩.૩૩

| | | |
| --- | --- | --- |
| પટેલ આફીયા મુસ્તાકભાઈ | ૭૮.૧૩ | ૯૪.૯૨ |
| પટેલ બુશરા મો.મ.શફીક | ૭૬.૦૮ | ૯૩.૭૬ |
| મલેક મુસ્કાન સાદિકભાઈ | ૭૩.૭૩ | ૯૦.૩૯ |

***ધોરણ - ૧૨ વિજ્ઞાનપ્રવાહ માર્ચ ૨૦૧૯***

શાળાનું પરિણામ : ૭૩.૩૩

| | | |
| --- | --- | --- |
| સૈયદ મહંમદ હુસૈન એઝાજહુશેન | ૭૪.૪૬ | ૮૫.૬૮ |
| ઘાંચી માહીનબેન મેહબુબભાઈ | ૭૦.૮૫ | ૮૪.૫૫ |
| પટેલ સુલમાબાનું બશીરભાઈ | ૬૫.૦૦ | ૮૧.૨૨ |

## ***જામિઅહ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ-જંબુસર*** S.S.C.

| | | | |
| --- | --- | --- | --- |
| ૧ | ખાન મેહવીશ એ. | ૬૪.૫૦ | ૭૯.૫૬ |
| ૨ | પઠાણ મુરશલીન એલ. | ૫૬.૫૦ | ૬૪.૩૧ |
| ૩ | ચૌહાણ રાજારામ આર. | ૫૨.૧૬ | ૫૪.૧૯ |

# તંત્રી સ્થાનેથી

યાદ રાખો ! ઈસ્લામ દીનદારી અને ખુદાના હુકમો અનુસરવાને જ અસલ કામ્યાબી ગણે છે. દુનિયામાં અલ્લાહ તઆલાના આદેશ ઉપર શકિત મુજબ અમલ કરી જનાર અને આખિરતના હિસાબમાં અલ્લાહ તઆલા સામે નજાત મેળવનાર જ સાચો કામ્યાબ છે. ચાહે એને માલ – દોલત અને અસબાબ – સમૃદ્ધિ ન મળી હોય અને ગમે તેવી તકલીફો – કષ્ટો વેઠયા હોય.

આ જ પ્રમાણે દીનદારીમાં પાછળ રહી જનાર અને આખિરતના હિસાબ – કિતાબમાં જે માણસ નાકામ થાય એ જ અસલી નાકામ અને અસફળ માણસ છે. ચાહે દુન્યામાં એણે ગમે તેવી પ્રગતિ અને સમૃદ્ધિ મેળવી હોય. આખું જીવન સુખ – ચેન અને ધન – દોલતમાં આળોટતો રહયો હોય.

ઈસ્લામનો આ સિદ્ધાંત અને અલ્લાહ તઆલાનો આ કાનૂન સંપૂર્ણ રીતે તર્કસંગત પણ છે. એટલા માટે કે દુન્યા માણસ માટે કામ કરવાની જગ્યા છે. કાર્યસ્થાન છે. પરિણામ અને બદલાનું કેન્દ્ર નથી. અને કાર્યના મુકામે માણસ કાર્યમાં પ્રવૃત હોય એ જ બરાબર છે. કામના સ્થળે કામ કરવાના બદલે મોજ મસ્તી કરવી તો ખયાનત અને બેદરકારી છે. અહિંયા માણસ કામ ન કરે અને મોજ કરે કે આળસ કરે તો એ નાકામી અને ગુનો છે. દુનિયાના અસબાબ અને માલ – દોલત અને માનવીને કુદરત તરફથી સોંપવામાં આવેલ કામ – જવાબદારી સાથે કોઈ લેવા દેવા નથી. એ તો અલ્લાહ તઆલા પોતાની મરજી અને કસોટી – પરીક્ષાના ઈરાદા મુજબ કાફિર અને મુસલમાનને બન્નેને આપે છે અને છીનવે છે.

કોઈ માણસ પોતે અલ્લાહ તઆલાના આદેશ અનુસાર જીવન ગુઝારે છે પણ સમાજ, સમુહ, સરકાર કે સત્તાનો સાથ ન મળવાના કારણે આગળ ન વધી શકે, બલકે સમાજ અને સત્તા

તરફથી એને દુખ – તકલીફો મળે તો આ પરેશાની અને દુન્યવી નાકામી છતાં એને એક દોલત જરૂર મળે છે. દિલ અને અંતરની શાંતિ એને જરૂર મળી જાય છે. આ શાંતિ અને સુકૂન ઈમાન અને યકીનના કારણે છે. માણસનું ઈમાન – યકીન મજૂબત હોય કે હું મારી શકિત મુજબ અલ્લાહ તઆલાની ફરમાબરદારી કરી રહયો છું અને જવાબદારી નિભાવી રહયો છું, અને આખિરતમાં મારી આ નેકી અને ફરમાબરદારીનો બદલો મળશે તો આવો માણસ ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાની દુન્યાવી જિંદગી અલ્લાહ તઆલાના હુકમ મુજબ ગુઝારી લેશે.

દુનિયાની પ્રગતિ અને પડતી માટે અલ્લાહ તઆલાએ અમુક નિયમો અને સિદ્ધાંતો નક્કી કર્યા છે. એના આધારે જ દરેક કોમ આગળ વધે છે કે પાછળ પછડાય છે. એમાં વિશેષ વાત આ છે કે વ્યકિત અને સમાજ મજબૂત રીતે કોઈ જીવનશૈલી અને કાર્યપ્રણાલી અપનાવીને બધા એક સંપે એને અનુસરે. સમાજ અને સમુહ દ્વારા નક્કી કરવામાંઅ આવેલ જીવનશૈલી અને સિદ્ધાંતો અપનાવનારની મદદ કરવામાં આવે અને સમર્થન કરવામાં આવે. આ જીવનશૈલી, કાર્યપ્રણાલી ચાહે ગલત હોય, પણ સામુહિક એકતા અને સમર્થન દુન્યાવી પ્રગતિની રાહ આસન કરી દે છે.

ગમે તેવી સાચી અને લાભદાયી જીવનશૈલી અને સિદ્ધાંતો હોય, પણ સમાજનું સમર્થન ન હોય, એકતા અકબંધ ન હોય, અને વ્યકિતઓ – સમુહો વેરવિખેર હોય તો દુન્યાની પ્રગતિ તો નહીં જ મળે, એ કુદરતનો કાનૂન છે.

અલ્લાહ તઆલા જયારે કોઈ કોમને બરબાદ કરવા ચાહે છે તો આ નિયમાનુસાર પ્રથમ એમની એકતા ખતમ કરે છે અને જયારે કોઈને આગળ લાવવા ચાહે છે તો એ કોમમાં આવી એકતાનો સંચાર કરીને ધર્મના સિદ્ધાંતો ઉપર સામુહિક રીતે આગળ વધારે છે.

# ધરતીની પ્રથમ ઇબાદતગાહ કાબા

## યહૂદીઓના પ્રંપચોથી બચાનવાર કુરઆન અને રસૂલ

*– મુફતી ફરીદ અહમદ કાવી*

بسم الله الرحمن الرحيم

اِنَّ اَوَّلَ بَيۡتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِىۡ بِبَكَّةَ مُبٰرَكًا وَّهُدًى لِّلۡعٰلَمِيۡنَ‌ۚ‏ ﴿۹۶﴾ فِيۡهِ اٰيٰتٌ ۢ بَيِّنٰتٌ مَّقَامُ اِبۡرٰهِيۡمَ ۚ وَمَنۡ دَخَلَهٗ كَانَ اٰمِنًا ‌ؕ وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الۡبَيۡتِ مَنِ اسۡتَطَاعَ اِلَيۡهِ سَبِيۡلًا ‌ؕ وَمَنۡ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِىٌّ عَنِ الۡعٰلَمِيۡنَ‏ ﴿۹۷﴾ قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَكۡفُرُوۡنَ بِاٰيٰتِ اللّٰهِ ‌ۖ وَاللّٰهُ شَهِيۡدٌ عَلٰى مَا تَعۡمَلُوۡنَ‏ ﴿۹۸﴾ قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَصُدُّوۡنَ عَنۡ سَبِيۡلِ اللّٰهِ مَنۡ اٰمَنَ تَبۡغُوۡنَهَا عِوَجًا وَّاَنۡتُمۡ شُهَدَآءُ ‌ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعۡمَلُوۡنَ‏ ﴿۹۹﴾ يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِنۡ تُطِيۡعُوۡا فَرِيۡقًا مِّنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ يَرُدُّوۡكُمۡ بَعۡدَ اِيۡمَانِكُمۡ كٰفِرِيۡنَ‏ ﴿۱۰۰﴾ وَكَيۡفَ تَكۡفُرُوۡنَ وَاَنۡتُمۡ تُتۡلٰى عَلَيۡكُمۡ اٰيٰتُ اللّٰهِ وَفِيۡكُمۡ رَسُوۡلُهٗ ‌ؕ وَمَنۡ يَّعۡتَصِمۡ بِاللّٰهِ فَقَدۡ هُدِىَ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ‏ ﴿۱۰۱﴾

તરજમહ : બેશક (સૌથી) પહેલું ઘર જે લોકો (ની ઈબાદત) માટે નક્કી કરવામાં આવ્યું, તે ઘર બક્કા (મક્કા)માં છે. બરકતવાળું છે અને દુનિયાના લોકો માટે હિદાયતનો સબબ છે. (૯૬) એમાં ખુલ્લી નિશાનીઓ છે. મકામે ઈબ્રાહીમ પણ છે. અને જે કોઈ એમાં પ્રવેશી જાય એ સલામત થઈ જાય છે. અને અલ્લાહ ખાતર આ ઘરની હજ કરવી જરૂરી લોકો ઉપર જરૂરી છે, એવા માણસ ઉપર જે ત્યાં જવાની શકિત ધરાવતો હોય. અને જે કોઈ ઈન્કાર (કુફ્ર) કરે તો અલ્લાહ તઆલા સમસ્ત સૃષ્ટિથી બેનિયાઝ છે. (૯૭) (હે નબી !) તમે કહી દો કે હે અહલે કિતાબ ! તમે શા માટે અલ્લાહની નિશાનીઓ (આદેશો)નો ઈન્કાર કરો છો ? જયારે કે અલ્લાહ તઆલા તમે જે કંઈ કરી રહયા છો એ બધાના ગવાહ છે. (૯૮) તમે કહી દો કે હે અહલે કિતાબ ! જે કોઈ ઈમાન લાવે એને તમે શા માટે અલ્લાહના રસ્તામાં ખામીઓ શોધીને એ

રસ્તેથી રોકો છો, જયારે તમે પોતે (દિલથી) એની ગવાહી આપો છે. અને અલ્લાહ તઆલા તમે જે કંઈ કરો છો એનાથી ગાફિલ નથી. (૯૯) હે ઈમાનવાળાઓ ! જો તમે અહલે કિતાબના કોઈ પણ સમુહની વાત માની લેશો તો તમારા ઈમાન છતાં પણ તમને પાછા કાફિર બનાવીને લઈ જશે. (૧૦૦) અને તમે કેવી રીતે કુફ્ર કરી શકો, જયારે કે તમારી સામે અલ્લાહ તઆલાની આયતો પઢી સંભળાવવામાં આવે છે અને એના રસૂલ પણ તમારી વચ્ચે મોજૂદ છે. અને જે કોઈ પણ અલ્લાહ તઆલાને મજબૂત પકડી લેશે એને સાચે જ સીધા રસ્તાની હિદાયત આપી દેવામાં આવે છે. (૧૦૧)

તફસીર : કુરતુબીમાં મુજાહિદ રહ.નું કથન છે કે ધરતી અને બીજું કંઈ પણ પેદા કરવાના બે હઝાર વરસ પહેલાં અલ્લાહ તઆલાએ કાબા શરીફની જગ્યા પેદા કરી દીધી હતી. આ જ જગ્યાએ લોકોની ઈબાદત માટેનું સહુ પ્રથમ સ્થળ અથવા મસ્જિદ હઝરત આદમ અલૈ.એ અલ્લાહ તઆલાના આદેશથી તામીર ફરમાવી. આમ સહુ પ્રથમ ઈબાદતગાહ હોવાના કારણે 'કિબ્લા' બનાવવાને લાયક પણ આ જ સ્થળ હોય શકે. યહૂદીઓ બયતુલ મુકદસને કિબ્લા માટે આગળ કરે છે, એટલે જ આયતમાં કાબા શરીફની આ પવિત્રતા અને પ્રાથમિકતા રજૂ કરવામાં આવી.

અરબી ભાષા મુજબ 'મક્કા'ને 'બક્કા' પણ કહેવામાં આવે છે. ઘણા શબ્દોમાં 'મ' ના સ્થાને 'બ' બોલવામાં આવે છે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ કાબા શરીફ અને મક્કા (હરમ) શરીફની અમુક ફઝીલતો અને વિશેષતાઓ વર્ણન ફરમાવી છે.

(૧) આ સ્થળ દીની – દુન્યવી અને રૂહાની – નૂરાની બરકતો વાળું છે. મવલાના અ.માજિદ દરયાબાદી રહ. લખે છે કે કુરઆન ઉપરાંત બાઈબલમાં અને ઈસાઈ ઇતિહાસકારોએ પણ મક્કાને એક પવિત્ર અને મુબારક સ્થળ ગણાવ્યું છે.

(૨) દુનિયાના લોકો માટે હિદાયતનો સબબ છે.

(૩) મક્કામાં અલ્લાહ તઆલાની ઘણી બધી નિશાનીઓ છે. જેમ કે હજની ઈબાદત કરવાના વિવિધ સ્થળો.

(૪) અહિંયા જ 'મકામે ઈબ્રાહીમ' પણ છે. મકામે ઈબ્રાહીમ આજ કાલ તો કાબા શરીફ સામે એક કબાટમાં રાખવામાં આવેલ એક પથ્થરને કહેવામાં

આવે છે, જેના ઉપર હઝરત ઈબ્રાહીમ અલૈ.ના પગના નિશાન છે. આ પથ્થર ઉપર ઉભા રહીને હઝરત ઈબ્રાહીમ અલૈ.એ કાબા શરીફનું નવચણતર કર્યું હતું. દરેક તવાફ પછી આ સ્થળે બે રકાત નમાઝ પઢવામાં આવે છે. ઘણા બધા મુફસ્સિરીનના મતે ઉપરોકત આયતમાં આ જ સ્થળનું વર્ણન છે. મુફસ્સિરીનના બીજા સમુહના મતે આયતમાં મઝકૂર 'મકામે ઈબ્રાહીમ'નો અર્થ સમગ્ર હરમ શરીફ છે.

(૫) આ જગ્યાની એક વિશેષતાઓ આ પણ છે કે અહિંયા દરેક માટે અમન અને સલામતી છે. મક્કા શરીફ અને આસપાસ હરમ શરીફના સમગ્ર વિસ્તારમાં લડાઈની મનાઈ છે, ત્યાં સુધી જાનવરોના શિકારની પણ મનાઈ છે. દરેક માટે સલામત સ્થળ હોવાની આ વિશેષતા ઈસ્લામ પૂર્વેથી જ ચાલતી આવી છે જેને ઈસ્લામ દ્વારા કાનૂની અને ધાર્મિક હેસિયત આપવામાં આવી.

(૬) જે કોઈ વ્યકિત આ સ્થળે જવા આવવાની શકિત ધરાવતો હોય, એટલે કે શારિરીક શકિત ઉપરાંત આવવા જવાનો ખર્ચ ધરાવતો હોય એના ઉપર અત્રે જઈને હજ કરવી ફરજ કરવામાં આવ્યું.

આયતમાં છેલ્લી વાત આ કહેવામાં આવે કે કોઈ માણસ અગર અલ્લાહ તઆલાનો ઈન્કાર કરે કે એના કોઈ આદેશનો ઈન્કાર કરે તો અલ્લાહ તઆલાને એનાથી કોઈ નુકસાન નથી. બલકે અલ્લાહ તઆલા તો સમગ્ર સૃષ્ટિથી બેનિયાઝ અને ઉપરવટ છે. અલ્લાહ તઆલાને છોડીને લોકો જે માબૂદોને પૂજે છે એ બધા માબૂદોનું અસ્તિત્વ અને એમની કહેવાતી શકિત કે સિદ્ધિ એમના પૂજારીઓના હાથમાં હોય છે.

આયત નં ૯૮–૯૯માં અહલે કિતાબ, વિશેષ કરીને યહૂદીઓને સંબોધન છે. તેઓ ઈસ્લામના વિરોધી હતા, જે કંઈ નિશાનીઓ અને કુરઆનની આયતો એમની સામે ઈસ્લામની સચ્ચાઈના પુરાવા સ્વરૂપે રજૂ કરવામાં આવતી, એ બધાનો ઈન્કાર કરતા, એમની માંગણી મુજબની દલીલો હોવા છતાં, બલકે અંદર અને અંતરથી એવું સમજવા છતાં ઈસ્લામ સાચો દીન છે, તેઓ ઈસ્લામનો વિરોધ કરતા હતા અને પ્રપંચો કરીને ઈસ્લામ અને મુસલમાનોને નુકસાન પહોંચાડવાના પ્રયત્નો કરતા હતા. બહારથી કંઈ ન વળે તો છેલ્લે મદીનાના મુસલમાનો વચ્ચે અવસ અને ખઝરજની જૂની લડાઈઓની યાદ તાજી કરીને, અથવા મુહાજિરો અને અન્સાર વચ્ચે

જૂથવાદનો ફિત્નો ઉભો કરીને કે કાચા મુસલમાનોને ઈસ્લામની કોઈ બાબતે શંકામાં નાખીને તેઓ યેનકેન પ્રકારે મુસલમાનોને ખુદાની રાહથી રોકવા અને ભટકાવવાના પ્રયત્નો કરતા હતા. એમને આ આયતમાં કહેવામાં આવ્યું કે તમે જે કંઈ કરો છો એ બધું અલ્લાહને ખબર છે, એ ગાફેલ નથી, બલકે અલ્લાહ તઆલા પોતે તમારા આ ગુનાહોનો ગવાહ છે. આવી સ્થિતિમાં ખુદા તઆલાના દરબારમાં તમારો ગુનો અને સજા નક્કી જ છે.

યહૂદીઓનો એક ચાલબાઝ માણસ શમ્માસ બિન કૈસ નામે હતો. એકવાર એણે મદીનાના મુસલમાનોને એક સ્થળે ભેગા જોયા તો એમના વચ્ચે ફૂટ પડાવવા માટે એમની પાછલી લડાઈઓ વેળાના શેર ઉચ્ચારવા માંડયો. મુસલમાનોમાં એમની પાછલી અંદરો અંદરની લડાઈની આગ ફરી સળગી ઉઠી અને યહૂદીની ચાલ મુજબ અંદરો અંદર ફરી લડાઈ શરૂ થઈ જાય એવું લાગતું હતું એટલામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આવી પહોંચ્યા અને બધાને શાંત કરીને ફરમાવ્યું : આ શું અંધેર છે ? મારા હોવા છતાં અને મુસલમાન બનીને, એકસંપ અને ભાઈ – ભાઈ બની ગયા પછી આ શી જહાલત માંડી છે ? શું તમે કુફ્ર તરફ પાછા ફરવા માંગો છો ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ટકોરથી બધા એકદમ સચેત થઈ ગયા અને હોશમાં આવી ગયા. બધાને એહસાસ થયો કે આ શયતાનની ચાલ હતી. એકબીજો ગળે મળ્યા, રડયા, તોબા કરી અને ફરી પાછા ભાઈ ભાઈ બનીને રહેવા લાગ્યા.

આ જ કિસ્સા તરફ આયત નં ૧૦૦–૧૦૧ માં વર્ણન છે. આ યહૂદીઓના કોઈ સમુહની વાત માનશો તો ધીરે ધીરે તેઓ તમને ઈમાનમાંથી કાઢીને ફરી કાફિર બનાવી દેશે, અને આજની સ્થિતિમાં તો તમારા માટે એ કેવી રીતે શકય હોય શકે ? તમે આસપાસ એવા અસબાબથી ઘેરાયેલા છો કે કુફ્ર તરફ જઈ શકતા જ નથી. એક કુરઆન તમારા દરમિયાન પઢવામાં આવે છે, અને ઉપરથી અલ્લાહના રસૂલ પણ તમારી દરમિયાન મોજૂદ છે. આ બે વસ્તુઓ હોવાથી તમે ફરી કુફ્ર તરફ નથી જઈ શકતા. બસ તમે હવે અલ્લાહ તઆલાની રાહ ઉપર અડગતાથી કાયમ રહો, આ જ સિરાતે મુસ્તકીમ છે. અને એમાં જ બધી કામ્યાબી છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૩૩

## સલાતુત્તસ્બીહ

(۲۳۰) عَنُ اِبنِ عَبَّاسٍؓ اَنَّ النَّبِیَّ ﷺ قَالَ لِلُعَبَّاسِ بُنِ عَبُدِ الُمُطَّلِبُ یَا عَبَّاسُ
یَا عَمَّاهُ اَلَا اُعُطِیُكَ اَلَا اَمُنَحُكَ اَلَا اُخبِرُكَ اَلَا اَفعَلُ بِكَ عَشُرَ خِصَالٍ اِذَا اَنُتَ
فَعَلُتَ ذَالِكَ غَفَرَ اللّٰهُ لَكَ ذَنُبَكَ اَوَّلَهٗ وَآخِرَهٗ قَدِیُمَهٗ حَدِیُثَهٗ خَطَأَهٗ وَعَمَدَهٗ
صَغِیُرَهٗ وَكَبِیُرَهٗ سِرَّهٗ وَعَلَانِیَتَهٗ اَنُ تُصَلِّیَ اَرُبَعَ رَكُعَاتٍ تَقُرَءُ فِی كُلِّ رَكُعَةٍ
فَاتِحَةَ الُكِتَابِ وَسُوُرَةً فَاِذَا فَرَغُتَ مِنَ الُقِرَائَةِ فِی اَوَّلِ رَكُعَةٍ وَاَنُتَ قَائِمٌ
قُلُتَ سُبُحَانَ اللّٰهِ وَالُحَمُدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكُبَرُ خَمُسَ عَشَرَةَ مَرَّةً
ثُمَّ تَرُكَعُ فَتَقُوُلُهَا وَاَنُتَ رَاكِعٌ عَشُرًا ثُمَّ تَرُفَعُ رَأُسَكَ مِنَ الرُّكُوُعِ وَتَقُوُلُهَا
عَشُرًا ثُمَّ تَهُوِیُ سَاجِدًا فَتَقُوُلُهَا وَاَنُتَ سَاجِدٌ عَشُرًا ثُمَّ تَرُفَعُ رَأُسَكَ مِنَ
السُّجُوُدِ فَتَقُوُلُهَا عَشُرًا ثُمَّ تَسُجُدُ فَتَقُوُلُهَا عَشُرًا ثُمَّ تَرُفَعُ رَأُسَكَ فَتَقُوُلُهَا
عَشُرًا فَذَالِكَ خَمُسٌ وَّ سَبُعُوُنَ فِی كُلِّ رَكُعَةٍ تَفُعَلُ ذَالِكَ فِی اَرُبَعِ رَكُعَاتٍ
اِنِ اسُتَطَعُتَ اَنُ تُصَلِّیَهَا فِی كُلِّ یَوُمٍ مَرَّةً فَافُعَلُ فَاِنُ لَمُ تَفُعَلُ فَفِیُ كُلِّ جُمُعَةٍ
مَرَّةً فَاِنُ لَمُ تَفُعَلُ فَفِیُ كُلِّ سَنَةٍ مَرَّةً فَاِنُ لَمُ تَفُعَلُ فَفِیُ عُمُرِكَ مَرَّةً۔

(رواه ابوداؤد وابن ماجة والبیهقی فی الدعوات الكبیر، وروی الترمذی
عن ابی رافع نحوه)

**તરજુમોઃ–** હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એક દિવસ તેમના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબને ફરમાવ્યુંઃ એય અબ્બાસ! એય મારા

ઈઝઝત કરવા લાયક કાકા! શું તમારી સેવામાં તમને એક કીંમતી ભેટ અર્પણ કરૂં? શું તમને એક ખાસ વાત બતાવું? શું હું તમારા દસ કામો અને દસ સેવાઓ કરૂં? (એટલે તમને એક એવો અમલ બતાવું, જેનાથી આપને દસ મહાન નફાઓ મળે તે એવો અમલ છે કે) જયારે આપ તેને કરશો તો અલ્લાહ તઆલા આપના બધા ગુનાહો માફ કરી દેશે. આગલા પાછલા, જુના, નવા, ભુલથી થયેલા, અને જાણીબુઝીને કરેલા પણ, નાના અને મોટા પણ, છુપા અને ઝાહિર થયેલા પણ (તે અમલ "સલાતુત્તસ્બીહ" છે. અને તેની રીત એ છે કે) આપ ચાર રકાત નમાઝ પઢો, અને દરેક રકાતમાં સુરએ ફાતિહા અને બીજી કોઈ સૂરત પઢો, પછી જયારે પહેલી રકાતમાં કિરાઅતથી પરવારી જાઓ તો ઉભા રહેવાની હાલતમાં જ પંદરવાર આ પઢો. "સુબ્હાનલ્લાહિ વલ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર" તે પછી રૂકૂઅ કરો, અને રૂકૂઅમાં પણ એ જ કલ્મો દસ વાર પઢો, પછી રૂકૂઅથી ઉભા થઈ કૌમા (ઉભા હોવાની હાલત)માં પણ દસ વાર એ જ કલ્મો દસ વાર પઢો, પછી સિજદામાં જાઓ, અને તેમાં પણ દસ વખત એ કલ્મો પઢો, પછી સિજદામાથી ઉઠી જલ્સામાં એ જ કલ્મો દસ વાર પઢો, પછી બીજા સિજદામાં પણ એ જ કલ્મો દસ વખતે પઢો, પછી બીજા સિજદા પછી પણ (ઉભા થતા પહેલાં) આ કલ્મો દસવાર કહો, ચાર રકાતો આ મુજબ પઢો, અને આ ક્રમ મુજબ દરેક રકાતમાં એ કલ્મો પંચોતેર વાર પઢો. (મારા કાકા) જો તમારાથી બની શકે તો દરરોઝ આ નમાઝ પઢયા કરો, અને જો દરરોઝ ન પઢી શકો તો દર જુમ્આના દિવસે પઢી લો, અને જો એ પણ ન થઈ શકે તો વર્ષમાં એક વાર પઢી લો, અને જો એ પણ ન થઈ શકે તો ઓછામાં ઓછું જીવનભરમાં એક વખતે તો પઢી જ લો.

ખુલાસો :– હદીષની કિતાબોમાં સલાતત્તસ્બીહની તાલીમ અને તલ્કીન રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી ઘણા સહાબા (રદિ.)થી રિવાયત કરવામાં આવી છે. ઈમામ તિર્મિઝીએ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ખાદિમ અને આઝાદ કરેલા ગુલામ હઝરત અબૂ રાફેઅની રિવાયત પોતાની સનદથી નકલ કર્યા પછી લખ્યું છે કે તેમના સિવાય હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન ઉમર અને ફઝલ બિન અબ્બાસે પણ રિવાયત કરી છે. હાફિઝ ઈબ્ને હજરે પોતાની કિતાબ

"الخصال المكفرة" "માં ઈબ્ને જવઝીનો વિરોધ કરતાં "સલાતુત્તસ્બીહ"ની રિવાયતો અને તેમની સનદ ની પરિસ્થિતી પર વિગતવાર વિવરણ કર્યુ છે.

તેમની ચર્ચાનો ખુલાસો એ છે કે આ હદીષ ઓછામાં ઓછી "હસન" એટલે ખરી હોવાના આધારે બીજા સ્થાનની જરૂર છે. અને અમૂક તાબીઈઓ અને તબે તાબીઈનથી (જેમાં અબ્દુલ્લાહ બિન મુબારક ઉચ્ચ કોટીના ઈમામ પણ શામેલ છે.) "સલાતુત્તસ્બીહ" પઢવી તેની ફઝીલત લોકો સામે બયાન કરી તેમને પ્રેરણા આપવી પણ સાબિત છે. અને એ એની ખુલી સાબિતી છે કે તેમના ત્યાં પણ સલાતુત્તસ્બીહની તલ્કીન અને પ્રેરણાની હદીષ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત હતી, અને પાછલા યુગમાં તો સલાતુત્તસ્બીહ" પઢવી, તેની ફઝીલત લોકો સામે બયાન કરી તેમને પ્રેરણાની તલ્કીન અને પ્રેરણાની હદીષ, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત હતી, અને પાછલા યુગમાં તો સલાતુત્તસ્બીહ પઢવી ઉમ્મતના ઘણા નેક લોકોનો અમલ રહ્યો છે.

હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)એ આ નમાઝ વિષે એક ખાસ નુકતો લખ્યો છે. જેનો અર્થ એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી નમાઝોમાં (ખાસ કરી નફિલોમાં) ઘણા ઝિક્ર અને દુઆઓ સાબિત છે. અલ્લાહના જે બંદાઓની તે ઝિક્ર અને દુઆઓ પર એટલી મજબૂત પકડ નથી કે તેઓ તેમની નમાઝોમાં તેમને પુરેપુરી રીતે શામેલ કરી શકે, જેના કારણે તે ઝિક્ર અને દુઆઓ વાળી કામિલ નમાઝથી તેઓ અભાગ્ય રહી જાય છે. તેમના માટે આ સલાતુત્તસ્બીહ તે કામિલ નમાઝના સ્થાને થઈ જાય છે. કારણ કે તેમાં અલ્લાહના ઝિક્ર, તસ્બીહ, તહમીદ,ની ઘણી મોટી સંખ્યા ઉમેરી દેવામાં આવી છે અને જો કે એક જ કલ્મો વારંવાર પઢવામાં આવે છે. એટલા માટે લોકોએ પણ એ નમાઝ પઢવી મુશ્કેલ નથી સલાતુત્તસ્બીહની જે રીત અને એની જે રીત ઈમામ તિર્મિઝી વગેરે એ હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકથી રિવાયત કરે છે, તેમાં બીજી બધી નમાઝો માફક કિરાઅતથી પહેલાં સના એટલે " سُبْحَانَكَ اللّٰهُمَّ وَبِحَمْدِكَ---الخ " અને રૂકૂઅમાં " سُبْحَانَ رَبِّیَ العظِيم " તે સિજદામાં " سُبْحَان رَبِّی الاعلٰی " પઢવાનું પણ વર્ણન છે. અને દરેક રકાતના કિયામમાં કિરાઅતથી પહેલાં " سُبحانَ اللّٰهِ والحمدُ لله ولا اله الّا اللّٰهُ واللّٰه اکبرُ " પંદર વાર અને કિરાઅત પછી રૂકૂઅમાં જતાં પહેલાં એ

જ કલ્મો દસ વાર પઢવાનો પણ ઉલ્લેખ છે. એવી રીતે દરેક રકાતના કિયામમાં આ કલ્મો પચ્ચીસ વખત થશે, અને આ રીતમાં બીજા સિજદા પછી આ કલ્મો કોઈ રકાતમાં પણ પઢવામાં આવશે નહીં.

આ રીતે પઢવામાં દરેક રકાતમાં પણ એ કલ્માની કુલ સંખ્યા પંચોતેર અને ચાર રકાતોમાં કુલ સંખ્યા ત્રણસો જ થશે. મતલબ કે સલાતુત્તસ્બીહ આ બંને રીતે સાબિત છે. પઢનાર માટે રસ્તો સાફ છે, જે પ્રમાણે ઈચ્છે તે મુજબ પઢી શકે છે.

***સલાતુત્તસ્બીહની તાસીર અને બરકત***

નમાઝ મારફત ગુનાહો માફ થવા અને ગુનાહોના ખરાબ અસરો દૂર થવાનો ઉલ્લેખ તો કાયદા મુજબ કુર્આનમાં પણ કરવામાં આવ્યો છે.

﴿اَقِمِ الصَّلٰوةَ طَرَفَيِ النَّهَارِ وَزُلَفاً مِنَ الَّيْلِ اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ﴾

(سورة هود، ع،١٢)

પરંતુ એ તાસીરમાં "સલાતુત્તસ્બીહ"નું જે ખાસ સ્થાન અને મોભ્મો છે. તે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ની ઉપરોકત હદીષમાં પુરી વિગત સાથે વર્ણન કરવામાં આવી છે. એટલે કે તેની બરકતથી બંદાના આગલા, પાછલા, ગુના, નવા, જાણીબુઝી કરેલા, ભુલથી થયેલા, નાના, મોટા, છુપા, ખુલ્લા, બધા જ ગુનાહો અલ્લાહ તઆલા માફ કરે છે.

સુનને અબૂ દાઉદની એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમના એક સહાબી (અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિ.))ને "સલાતુત્તસ્બીહ" શિખવ્યા પછી તેમને ફરમાવ્યું કે જો માનીલો કે તમે દુનિયાના સૌથી " فانّك لو كُنتَ اعظَمَ اهلِ الارضِ ذنبًا غُفِرَلكَ بذَالكَ " મહાન ગુનેહગાર હશો, તો પણ તેની બરકતથી અલ્લાહ તઆલા તમારી મગફિરત ફરમાવશે.

અલ્લાહ પાક મહરૂમીથી બચાવે, અને તેના ખુશ નસીબ બંદાઓ માંથી કરી દે, જે રહમત અને મગફિરતની એવી જાહેરતો સાંભળી તેનાથી લાભ ઉઠાવી તેનો હક અદા કરે છે.

---

# તવહીદ - શિર્ક અને હઝરત ઇબ્રાહીમ અલૈ.ની મહેનત

કુરઆન શરીફમાં હઝરત ઈબ્રાહીમ અલૈ.ને દીને હનીફ અને મિલ્લતે હનીફહ ધરાવનાર કહેવામાં આવ્યા છે. 'હનીફ'નો અર્થ થાય છે : બાતિલ – અસત્યથી સંપૂર્ણ દૂર રહીને દઢતા પૂર્વક હક અને સત્ય ઉપર કાયમ રહેનાર.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં યહૂદીઓ અને ઈસાઈઓ આસમાની ધર્મ અને કિતાબ ધરાવતા હતા અને બન્ને પોત પોતાની રીતે દાવો કરતા હતા કે આખિરતની કામ્યાબી અને નજાત એમનો ધર્મ અપનાવવામાં જ છે. એમનું આ કથન કુરઆનમાં પણ વર્ણવવામાં આવ્યું છે, પછી આગળ એનો જવાબ આપવામાં આવ્યો કે, "બલકે અમે મુસલમાનો તો મિલ્લતે ઈબ્રાહીમ ઉપર ચાલીએ છીએ, જેઓ બાતિલથી દૂર રહેનાર હતા અને મુશ્રિક હરગિઝ ન હતા." (સૂ. બકરહ : ૧૩૫)

કુરઆનમાં આ બાબતે અલ્લાહ તઆલા જે કંઈ ફરમાવ્યું છે એનો ખુલાસો આ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ઈસ્લામના મુકાબલામાં એ વેળાના મુશ્રિકો, યહૂદીઓ અને ઈસાઈઓ, બધા જ દાવો કરતા હતા કે અમે હક ઉપર છીએ અને અમે જ મિલ્લતે ઈબ્રાહીમને અનુસરીએ છીએ અને એમના સાચા – અસલી અનુયાયી છીએ. બીજી એક આયતમાં આ જ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ઈબ્રાહીમ અલૈ. યહૂદી કે ઈસાઈ ન હતા, (આ ધર્મો તો એમના પછીના છે, બલકે બાતિલથી દૂર રહેનાર મુસલમાન હતા અને શિર્ક કરનાર પણ ન હતા. (આલે ઈમ્રાન : ૬૭)

હઝરત ઈબ્રાહીમ અલૈ. અલ્લાહના મહાન અને ઉચ્ચ દરજો ધરાવતા

પયગંબર હતા. શિર્ક અને કુફ્રને ખતમ કરવા માટે આપ રહ.ને મોકલવામાં આવ્યા હતા. એકલા હોવા છતાં બાતિલ અને કુફ્ર – શિર્કનો મુકાબલો કર્યો અને અનેક પ્રકારની મુસીબતો, પરેશાનીઓ બરદાશ્ત કરીને પોતાની ફરજ અદા કરી. અલ્લાહ તઆલા ફરમાવે છે : યાદ કરો, ઈબ્રાહીમના પરવરદિગારે અનેક બાબતોમાં એમની કસોટી કરી, અને તેઓ એ બધામાં સફળ રહયા. પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : હું તમને લોકોના ઈમામ અને સરદાર બનાવીશ. ઈબ્રાહીમ (અલૈ.)એ કહયું : મારી અવલાદને (પણ બનાવજો) તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : મારો આ કરાર (ઉચ્ચ મુકામ) ઝાલિમ લોકોને નહીં મળે.

અલ્લાહ સિવાય બીજા કોઈ પણ માબૂદનો ઈન્કાર અને ફકત એક અલ્લાહ ઉપર જ ઈમાન રાખવાની દાવત આપવી હઝરત ઈબ્રાહીમ અલૈ.નું મિશન હતું. હઝરત ઈબ્રાહીમ અલૈ.ના ઝમાનામાં નમરૂદ નામે બાદશાહ ખુદા હોવાનો દાવો કરતો હતો. હઝરત ઈબ્રાહીમ અલૈ.એ એની સમક્ષ જઈને પણ એની ખુદાઈનો ઈન્કાર કર્યો અને એક અલ્લાહ ઉપર ઈમાન લાવવાની તાકીદ કરી. કુરઆનમાં આ ઘટનાનો ઉલ્લેખ પણ છે :

તમે પેલા માણસને જોયો નહીં, જે હઝરત ઈબ્રાહીમ સાથે એમના પરવરદિગાર બાબતે દલીલબાજી – ઝઘડો કરતો હતો. એટલા માટે કે એને અલ્લાહ તઆલાએ બાદશાહત આપી હતી, (અને એના કારણે એ ઘમંડી બની ગયો હતો) ઈબ્રાહીમ અલૈ.એ એને કહયું કે, મારો રબ તો જીવન અને મૃત્યુ આપે છે, તો નમરૂદે કહયું કે હું પણ કોઈને જીવતો છોડી દઉ છું અને કોઈને મારી નાખું છું.

હઝરત ઈબ્રાહીમ અલૈ.એ એને કહયું કે અલ્લાહ તઆલા સુરજને પૂર્વેથી ઉગાડે છે, જો તું સાચો હોય તો પશ્ચિમેથી કાઢી બતાવ. ત્યારે આ કાફિર અવાચક રહી ગયો. અને આવા ઝાલિમોને અલ્લાહ તઆલા હિદાયત નથી આપતા. (બકરહ : ૨૫૮)

આ આયતથી પૂરવાર થાય છે કે ખોટા દાવા કરનાર લોકો પોતાની પાસે ખોટા અને બનાવટી અધિકાર અને શકિત હોવાનો દાવો પણ કરતા

હોય છે અને જયારે એમની પાસે શકિત દેખાડવાની માંગણી કરવામાં આવે છે તો લાજવાબ બની જાય છે.

અલ્લાહના આવા રસૂલોનો મકસદ ફકત મુકાબલો કરીને કોઈ હરાવવું નથી હોતો. એમનો મકસદ તો સમજદાર અને તલબગાર લોકોને હક અને સત્યની સમજણ આપવાનો હોય છે. એટલે જ તેઓ લોકોને સમજમાં આવે એવી સીધી રીતે પોતાની વાત રજૂ કરતા હોય છે. નમરૂદના જવાબમાં એટલે જ હઝરત ઈબ્રાહીમ અલૈ.એ મારવા – જીવાડવાની દલીલ છોડીને તુરંત વાત આગળ વધારી અને સૂરજ ઉગાડવાની દલીલ રજૂ કરી દીધી. કારણ નમરૂદ મારવા – જીવાડવાનો મતલબ સમજયો ન હતો અથવા એ બાબતે ચર્ચા કરીને એને હરાવવાનો આશય ન હતો, બલકે લોકો સમક્ષ નમરૂદની ખુદાઈને ખોટી પુરવાર કરીને લોકોને સત્ય સમજાવવાનો આશય હતો.

હઝરત ઈબ્રાહીમ અલૈ. કોમને સમજાવવા માંગતા હતા કે ફકત અલ્લાહ તઆલા જ સર્વશકિતમાન છે. કાયનાતની કોઈ બીજી શકિત કે કંઈક શકિતશાળી બની બેઠેલો માનવી ખુદા નથી હોય શકતો. આ બધું અલ્લાહ તઆલા સમક્ષ બેકાર અને લાચાર છે. અલ્લાહ તઆલા ચાહે તો આ બધાને એક ક્ષણમાં જ નષ્ટ કરી દે.

એક ખુદાની ઈબાદત કરવાને તવહીદ કહે છે અને ખુદા સિવાય કોઈ અન્ય માટે ખુદા શકિત માનવાને અને ખુદાઈ શકિત અને કાર્યોમાં ખુદા તઆલા સાથે ભાગીદાર સમજવાને શિર્ક કહેવામાં આવે છે.

એક પ્રકારનું શિર્ક આ છે કે સ્પષ્ટ રીતે અલ્લાહ તઆલાની ઈબાદત છોડીને કોઈ અન્યની ઈબાદત – પૂજા કરવામાં આવે અથવા અલ્લાહ તઆલાની ઈબાદત કરવાની સાથે કોઈ અન્યને પણ શકિતશાળી સમજીને એની ઈબાદત કરવામાં આવે. કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

હે નબી તમે કહી દયો કે મને તો હુકમ આપવામાં આવ્યો છે કે હું ફકત અલ્લાહની જ ઈબાદત કરું અને એની સાથે કોઈને શરીક ન કરું. હું એની તરફ જ લોકોને બોલાવું છું અને એની પાસે જ મારે જવાનું છે. (સૂ.

૨અદ : ૩૬)

ઉપરોકત બાબતોથી સમજમાં આવે છે કે તવહીદ ઈસ્લામનો મુળભુત સિદ્ધાંત અને અકીદો છે. શિર્ક અને તવહીદ વિરોધાભાસી બાબતો છે. એટલે જે કોઈ માણસ મુસલમાન હોય એ સામાન્ય પણે શિર્ક કરવાથી દૂર રહે છે. અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજાની ઈબાદત નથી કરતો.

અલબત્ત અમુક મુસલમાનો અજાણે અથવા વધુ પડતી અકીદતમાં અુમક તમુક બુઝુર્ગો બાબતે એવું માને છે કે તેઓ પાસે કંઈક શકિત છે, અને પછી એમની પાસે કે એમના મઝારે જઈને પોતાની હાજત માંગે છે, આ પણ એક પ્રકારનું શિર્ક છે. ઈસાઈઓ અને યહૂદીઓ આવી જ રીતે એમના નબીઓ વિશે માનતા હતા કે તેઓ અલ્લાહના વિશેષ બંદાઓ અને બેટા છે, ઈસાઈઓ માને છે કે હઝરત ઈસા. અલૈ. એ દૂનિયાના બધા લોકો વતી અલ્લાહ તઆલા પાસે માફી માંગી લીધી છે.. વગેરે... આવી માન્યતાઓના કારણે જ કુરઆનમાં એમને પણ મુશ્રિક કહેવામાં આવ્યા છે.

હદીસમાં આ સિવાય અમુક બીજા કામોને પણ શિર્ક કહેવામાં આવ્યા છે. એક હદીસમાં છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : મને તમારા વિશે નાના શિર્કનો ડર વધારે છે. સહાબા રદિ.એ પૂછયું : આ નાનું શિર્ક શું છે ? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : રિયાકારી. એટલે કે દીન અને ઈબાદતનું કામ ખુદા તઆલા ખાતર ન કરવું અને કોઈ બીજા મકસદે કરવું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

કયામતના દિવસે જયારે લોકોને એમના કાર્યોનો સવાબ અને બદલો આપવામાં આવશે ત્યારે આવા રિયાકાર લોકોને કહેવામાં આવશે કે, તમે કરેલા નેક કામો જેમને ખુશ કરવા અને દેખાડવા ખાતર તમે કર્યા હતા એમની પાસે જઈને પૂછો, એમની પાસે તમારો કોઈ સવાબ અને બદલો મોજૂદ છે ?

---

# હજમાં જતાં પહેલાં ...

હજ્જનો ઈરાદો કરવાવાળા/કરવાવાળીએ, સૌથી પહેલાં એ વાત ઉપર પૂરતું ધ્યાન દેવું જરૂરી અને લાઝમી છે, કે હજ્જ એક અઝીમુશ્શાન ઈબાદત છે, અને કોઈ પણ ઈબાદત ઈખ્લાસ વગર મકબૂલ નથી થતી, એટલા માટે ફકત અલ્લાહ તઆલાની ખૂશ્નૂદી અને તેના હુકમના પાલન ખાતર જ, હજ્જનો ઈરાદો કરવો જોઈએ.

એવું કયારેય ન વિચારો કે તફરીહ થશે, નવી નવી જગાઓ જોવા મળશે, સારો સારો સામાન ખરીદીશું, અને એવું પણ દિલમાં ના વિચારો કે મને હાજી કહેવામાં આવશે અને મારી ઈઝઝત વધી જશે.

સૌ પ્રથમ પોતાનાં બધાં નાના મોટા ગુનાહોથી તૌબા કરો. તૌબાની મુસ્તહબ રીત આ છે, કે પહેલાં ગુસ્લ કરો, ગુસ્લની હિંમત ના હોય તો વુઝૂ કરો. ત્યાર પછી બે રકા'ત નમાઝ તૌબાની નિય્યતથી પઢો, નમાઝ પછી દુરૂદ શરીફ પઢો, અને ત્યાર પછી તૌબા અને ઈસ્તિગફાર કરો.

તૌબામાં ત્રણ કામો કરવા જરૂરી છે:

(૧) ભૂતકાળમાં કરેલા ગુનાહો પર પસ્તાવો અને કઝા તથા બદલો ચૂકવી શકાતો હોય તેવા ગુનાહો અને હકકોનો બદલો ચૂકવવો,

(૨) વર્તમાનમાં આ ગુનાહોને ત્યજી,

(૩) ભવિષ્યમાં ન કરવાનો પાકો ઈરાદો કરવો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે, તેમણે બયાન કર્યું કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાંભળ્યું, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઈરશાદ ફરમાવતા હતા : ''ખુદાની કસમ ! અલ્લાહ તઆલા પોતાના મુઅ્મિન બંદાની તૌબાથી તે મુસાફર કરતાં પણ વધુ ખૂશ થાય છે, જે કોઈ ઉજજડ અને વેરાન ભૂમિ પર આવી ચઢયો હોય, જયાં જીવન સામગ્રી તો કશી હોય નહીં અને મૌત તથા વિનાશ ડગલેને પગલે જોવા મળતા હોય, તેના પાસે બસ તેની સવારી માટેની ઊંટણી હોય અને ખાવા–પીવાનો બધો સામાન તેના ઉપર લદાયેલો હોય, પછી તે થાકનો માર્યો લાંબો થઈને પડે અને તેને ઊંઘ આવી જાય, પછી જયારે તેની આંખ ખુલે તો

એ જુએ કે તેના બધા સરસામાન સહિત ઊંટણી ગાયબ છે, પછી તે એની શોધમાં આમતેમ માર્યો માર્યો ફરતો હોય, એટલે સુધી કે ભૂખ અને પ્યાસથી તેની હાલત ખરાબ થઈ જાય અને તેનો જીવ જવા લાગે તો એમ વિચારે કે બેહતર છે કે હું પાછો તે જગ્યાએ જઈને પડી રહું જયાં પહેલાં સુતો હતો અને ત્યાં જ મને મૌત આવે. તે એ જગ્યાએ આવીને પોતાની કોણી પર માથું રાખીને મરવા માટે સૂઈ જાય, પછી જયારે તેની આંખ ખુલે તો જુએ કે તેની ઊંટણી ત્યાં મૌજૂદ છે. આ મુસાફરને પોતાની ઊંટણી પાછી મળવાથી જેટલી ખૂશી થઈ શકે છે, ખુદાની કસમ ! મુઅ્મિન બંદાના તૌબા કરવાથી અલ્લાહ એથી પણ વધુ ખૂશ થાય છે. (સહીહ બુખારી ય સહીહ મુસ્લિમ)

બાલિગ થયા પછી જે નમાઝો કઝા થઈ ગઈ હોય, તે નમાઝોનો અંદાઝો લગાવીને કઝા કરો, અને યાદ રાખો, કે હવે પછીથી કોઈ નમાઝ કઝા ના થવા પામે. જો ગફલતના કારણે એક નમાઝ પણ કઝા થશે, તો યાદ રાખો, કે બયતુલ્લાહમાં સો નફલ પઢશો તો પણ, તેની તલાફી (ભરપાઈ) નહિ થઈ શકે. કઝા નમાઝ પઢવા માટે કોઈ ટાઈમ નકકી નથી. મકરૂહ ટાઈમોને છોડીને જયારે પણ ફુરસદ હોય, વુઝૂ કરીને એક દિવસની ફર્ઝ અને વાજિબ (વિત્ર) મિલાવીને કુલ (૨૦) રકા'તો પઢી લો. એવી રીતે પોતાની છુટેલી બધી જ નમાઝોનો અંદાઝો લગાવી તેની કઝ કરો.

માલની ઝકાત ન આપી હોય, તો હિસાબ કરી ઝકાત આપી દો. અલ્લાહના બંદાઓના જે હુકૂક આપના ઝિમ્મે હોય, જેમકે કોઈનો હક માર્યો હોય, કોઈને સતાવ્યો હોય, આ બધાથી પોતાનો મા'મલો સાફ કરો. કોઈનું કર્ઝ અથવા હક ઝિમ્મે બાકી હોય, તો અદા કરો અને ઝબાન અથવા હાથથી કોઈને તકલીફ આપી હોય, ગીબત કરી હોય, તો માફી માંગો. જેનો માલી હક ઝિમ્મે બાકી હોય અને તે મરણ પામ્યો હોય, તો તેના શરઈ વારિસોને તે હકક અદા કરો, અથવા તેમનાથી સહીહ પધ્ધતિએ માફ કરાવી લો.

કોઈની અમાનત તમારી પાસે હોય અથવા કોઈની પાસે તમો કર્ઝ માંગતા હોય અથવા બીજાનું કર્ઝ તમારા શિરે હોય વગેરે વગેરે, તો વિગતવાર એક વસીય્યતનામું લખી લેવું જોઈએ, અને કોઈ દીનદાર માણસને પોતાનો કાઈમ મુકામ બનાવી આપવો જોઈએ.

# કોમી, દીની અને સામાજિક બાબતે બુઝુર્ગોના વિવાદમાં તલબા અને યુવાનો શું કરે ?

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ
'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફતી ફરીદ અહમદ કાવી.*

---

બીજી વાત તલબા (મદરસાઓના વિદ્યાર્થીઓ)ને લગતી છે. હું તો બહારના કોઈ પણ કામ તલબાના ભાગ લેવાને ખતનારક ઝેર સમજું છે. શકય છે કે મારા અમુક વડીલો મારા આ મંતવ્યને નકારી દે, અને શકય છે કે એમની વાત જ સાચી હોય, આખર તેઓ મારા વડીલ છે, અને એમની સામે મારા વિચારોની કોઈ હેસિયત નથી. પણ ઘણું બધું વિચાર્યા પછી મારી સમજમાં આ જ વાત આવી છે. અને બીજા ઘણા કારણોસર અધૂરા વિચારોમાં આ જ વાત પેસી ગઈ છે. એના અમુક કારણો તરફ તમારું ધ્યાન દોરું છું.

(૧) અરબીમાં કહેવત છે : سلِ المُجَرّبَ وَ لَا تَسْئَلِ الحَکِیْمَ એટલે કે સમજદારને નહીં, અનુભવીને પૂછવું જોઈએ. હું પૂછું છું કે દુનિયાના અને કમથી કમ હિંદુસ્તાન ઉપર નજર કરીને જુઓ, જેટલા લોકો ઈલ્મી દુન્યામાં નામ ધરાવે છે, એમની તાલિબે ઈલ્મીનો ઝમાનો (વિદ્યાર્થીકાળ) કેવો ગુઝર્યો છે ? આજે તેઓ ચાહે ગમે તે મેદાનમાં કામ કરતા હોય, પરંતુ જે લોકોએ તાલીમના ઝમાનામાં ધ્યાન અને લગનથી પોતાના કામમાં લાગેલા રહયા હશે, તેઓ જ આજે પણ ઈલ્મી કામમાં લાગેલા હશે. અને જે લોકો તે ઝમાનામાં બીજા કામોમાં પ્રવૃત રહયા હશે, આજે તેઓ ગમે તેટલા મોટા અને મશહૂર બની ગયા હોય, અને ઉલમાની લાઈનમાં ચાહે ગમે તેટલા ઉચ્ચ સ્થાને ગણાતા હોય, પણ ઈલ્મી કામો, તહકીક, ફિકહ, હદીસ વગેરે ઈલ્મી વિષયોમાં એમની લાયકાત ઘણી ઓછી હશે, કોઈ મહત્વના ફિકહી મસ્અલામાં જરૂરત પડે ત્યારે, અથવા કોઈ વિષયે ઊંડા ગહન – ચિંતનની જરૂરત આવે તો એમના કદમ આગળ નહીં વધે. આ વાત માટે કોઈ દલીલની જરૂરત નથી. હિંદુસ્તાનના

ઉલમા નજર સામે જ છે. એક નજર દોડાવો તો સમજમાં આવી જશે.

(૨) આપણા અકાબિર અને અકાબિરના અકાબિરે સુલૂક – તસવ્વુફને પોતાના પ્રાણ જેવું સાથે રાખ્યું છે. ઈલ્મી કામો સાથે પણ આ લોકોને ત્યાં તસવ્વુફનો સિલસિલો કદી અલગ નથી થયો. આમ છતાં આગળ પાછળના આ બધા બુઝુર્ગો તલબાને બયઅત કરવાથી પણ મના કરતા આવ્યા છે. આ બુઝુર્ગોની નજીક તસવ્વુફ ઘણી જ અહમ બાબત હતી, છતાં તલબા માટે એને પણ અવરોધરૂપ સમજતા હતા.

(૩) અનુભવ અને થોડું ઘણું વિચાર્યા પછી મારી સમજમાં તો આ જ આવે છે કે, રાજકીય સભાઓ અને મીટીંગોમાં તલબાઓનું ભાગ લેવું કોઈ કામચલાઉ કે થોડા સમયની વાત નથી, બલકે કેટલાયે દિવસો સુધી એની ચર્ચા ચર્ચા અને સારા નરસા હોવાની સમીક્ષા તલબાની મજલિસોનો વિષય બની રહે છે.

(૪) આ તલબાનું સમુહ જીવન, એક બોર્ડિંગમાં બધાનું સાથે રહેવું અને કલાસ વગેરે બાબતોમાં ૨૪ કલાક બધાનો સંગાથ, આ બધાના કારણે એમની વચ્ચેથી આ ચર્ચા ખતમ નથી થતી. દરેક મજલિસમાં આ જ વિષય અને ચર્ચા જારી રહે છે. અભ્યાસ અને વાંચન બધું એક તરફ રહી જાય છે. આ બધું રોજ જોવામાં આવે છે. કોઈ એને નકારે કાઢી તો એનાથી એ ખતમ નથી થઈ જવાનું.

(૫) પછી આ ચર્ચા અને વાદ – વિવાદ છેલ્લે લડાઈ, ઝઘડા સુધી પહોંચે છે. જે તરફ વધારે સંખ્યા હોય છે તેઓ સામે વાળાને દબાવવાનો પ્રયત્ન કરે છે. પહેલાં પોતાના જોરે અને એનાથી કંઈ ન વળે તો મદરસાના નાઝિમ કે મોહતમિમ સામે જૂઠી શિકાયતોનો મારો ચલાવવામાં આવે છે. અને સામાન્ય રીતે આવી મોટી જમાતને ગવાહો પણ વધારે મળી આવે છે. અને દબાયેલા પક્ષ માટે સાચી ગવાહી આપનાર પણ કોઈ મુશ્કેલથી મળે છે. મદરસાના નાઝિમ આલિમુલ ગૈબ નથી હોતા કે એમને બધી હકીકત ખબર પડી જાય, એટલે અંતે પરિણામ આ આવે છે કે સાચા ગુનેગારો છુટી જાય છે અને નિર્દોષ તલબાને સજા

થાય છે. આ બધી વાતો ફકત કલ્પના નથી, વાસ્તવિકતાઓ છે, અને રોજ ઘટે – બને છે અને અમે આ બધું ભોગવીએ છીએ. સામાન્ય લોકોમાં પણ મતભેદ અને વિરોધાભાસ હોય છે. એમના અંદર પણ લડાઈ ઝઘડા થાય છે પણ એ લાંબા નથી ચાલતા, એમની સભાઓ અને મીટીંગો અમુક સમય પુરતી હોય છે. સભા પૂરી થઈ કે બધા પોતાના ઘરે ચાલ્યા જાય છે. પણ અહિંયા તો મદરસો જ તલબાનું ઘર અને મહેફિલ.. ચોવીસ કલાક એક જગ્યાએ રેહવાનું. આવી સ્થિતિમાં સામાન્ય વિવાદ પણ મહીનાઓ સુધી ચાલતો અને વધતો રહે છે. આ તલબા વચ્ચેનો માહોલ હોય છે. એનાથી એક કદમ આગળ વધો...

(૬) કોઈ મદરસાના બધા મુદર્રિસીન એકમત હોય છે ? બેચાર આ તરફ તો બીજા બે પેલી બાજુ હોય છે. સબક દરમિયાન કોઈ અનુસંધાને બલકે સીધી રીતે જ આ ચર્ચાઓ છેડવામાં આવે છે. પોતાના વિચારો રજૂ કરે છે. જેનાથી સહમતી હોય એના વખાણ કરવામાં આવે છે, એમની તકરીરોની તારીફ કરવામાં આવે છે. અને બીજાઓની ટીકા કરવામાં આવે છે, મજાક ઉડાડવામાં આવે છે, અને નકલ ઉતારીને મશ્કરી કરવામાં આવે છે.

(૭) એક કદમ ઓર આગળ વધો. જમાઅતના બધા જ તલબા મુદર્રિસ – ઉસ્તાદ સાથે સહમત નથી હોતા. ઘણીવાર એવું થાય છે કે મુદર્રિસ જે નેતાના વખાણ કરે છે એ તલબાની નજરમાં ટીકાપાત્ર હોય છે. અને મુદર્રિસ જેમની ટીકા કરે છે એ હસ્તી બધા નહીં તો ઘણા બધા તલબા એના હિમાયતી હોય છે. તલબાની નજરમાં આવા ઉસ્તાદની ઈઝઝત નથી હોતો, તલબાની નજરે એ ખોટો અને જૂથબંધી વાળો ગણાય છે, અને ઉસ્તાદ વિશે તલબાના વિચારો આવા હોય તો પછી ઈલ્મી ફાયદો ખતમ થઈ જાય છે.

# હિન્દુસ્તાનના સુલતાનોની બુઝુર્ગો પ્રત્યે અકીદત

સુલતાન અલાઉદ્દીન ખિલજી, હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ. પ્રત્યે ઘણી જ અકીદત ધરાવતા હતા. પોતાના બે પુત્રો ખિઝર ખાન અને શાદી ખાનને હઝરત રહ.ના મુરીદ બનાવ્યા હતા. ખ્વાજા સાહેબ રહ.ની મજલિસમાં જે સિમાઅ વેળા જે અશ્આર પઢવામાં આવતા, એ મંગાવતો, એને પોતે પઢીને આંખોએ લગાવતા હતા. કોઈકે પૂછયું કે બાદશાહ સલામતને ખ્વાજા સાહેબ રહ. પ્રત્યે આટલી બધી અકીદત છે તો પછી એમને મળવા કેમ નથી જતા ? તો જવાબ આપ્યો કે,

હું રાજા છું. માથાથી પગ સુધી દુન્યામાં ખરડાયેલો છું. આવી ગંદકી સાથે અલ્લાહના પાક બંદાને મળવા જવામાં મને શરમ આવે છે.

સુલતાન ફીરોજશાહ પણ બુઝુર્ગોની ઘણી ઈઝઝત કરતા હતા. હઝરત સય્યિદ જલાલુદ્દીન બુખારી દર બીજા કે ત્રીજા વરસે ઓચહ (Ucheh) મુકામેથી સુલતાનને મળવા આવતા હતા. તેઓ જયારે ફીરોઝાબાદ નિકટ પહોંચતા તો સુલતાન આગળ સુધી એમને સત્કારવા જતા હતા. મુલાકાત પછી ઘણા જ માન – સન્માન સહિત સય્યિદ જલાલુદ્દીન બુખારી રહ.ને શહેરમાં સાથે લઈને આવતા હતા. તેઓ દરબારમાં આવતા તો ઉભા થઈને આવકારતા અને પોતાની સાથે તખત ઉપર બેસાડતા હતા.

એકવાર સય્યિદ જલાલુદ્દીન રહ. દિલ્હીમાં રોકાયા હતા. સુલતાન એમને મળવા આવ્યા તો આપ રહ. ઈશ્રાકની નમાઝ પઢતા હતા. સુલતાન બહાર ઉભા રહયા અને નમાઝ પછી આપની સેવામાં હાજર થયો. સુલતાને ફૂલો ભરેલી ટોકરી સેવામાં રજૂ કરી, જે આપ રહ.એ સ્વીકારીને લોકોમાં વહેંચી દીધા. સુલતાન જયારે પાછા જવા લાગ્યા તો આપ રહ. એને રુખસત કરવા હેતુ સીડી ઉતરીને નીચે આવવા ચાહતા હતા, સુલતાને હાથ પકડીને રોકી દીધા. આપ રહ.એ ફરમાવ્યું કે, તમે સુલતાન થઈને મને મળવા આવ્યા છો, મારે પણ કંઈક ઈઝઝત કરવી

જોઈએ. તો સુલતાન બોલ્યા કે, અદબ અને સન્માનને કાબેલ હસ્તી તમે છો, હું નહીં.

અકબર બાદશાહને શેખ સલીમ ચિશ્તી રહ. પ્રત્યે ભારે અકીદત હતી. જહાંગીર પોતે તુઝકે જહાંગીરીમાં લખે છે કે, એકવાર કોઈ અવસરે મારા વાલિદે (અકબર બાદશાહ) શેખ સલીમ રહ.ને પૂછયું કે આપની ઉમર કેટલી છે ? અને આપ કેટલું જીવશો ? શેખ સલીમ રહ.એ જવાબ આપ્યો કે, આ બધી ગેબની વાતો તો અલ્લાહ તઆલા જ જાણે છે. પણ વાલિદે વધારે આગ્રહ કર્યો તો મારા (જહાંગીર) તરફ ઈશારો કરીને બતાવ્યું કે, આ શાહઝાદો એટલો મોટો થઈ જાય કે ઉસ્તાદ વગેરે દ્વારા શીખવાડવામાં આવતી કોઈ વાત યાદ કરીને દોહરાવે તો સમજો મારી વફાત નજીક છે. મારા વાલિદે આ સાંભળીને હુકમ ફરમાવી દીધો કે મને કોઈ પણ વસ્તુની તાલીમ આપવામાં ન આવે. આ જ સ્થિતિમાં બે વરસ અને સાત મહીના વીતી ગયા.

અમારા મહોલ્લામાં એક ઓરત રહેતી હતી, સદકા ખૈરાત વડે એનું ગુઝરાત ચાલતું હતું. એને ખબર ન હતી કે મારી તાલીમ ઉપર મનાઈ છે. એક દિવસ એણે મને એકલો જોઈને એક શેર યાદ કરાવી દીધો.

الٰہی غنچۂ امید بکشا -- گلے از روضہ جاوید بنما

હું આ શેર યાદ કરીને શેખ સલીમ રહ. પાસે ગયો અને એમની સામે પઢવા લાગ્યો. મારા મુખે આ શેર સાંભળીને તેઓ એકદમ ઉછળી પડયા. મારા વાલિદ પાસે દોડી આવ્યા અને કિસ્સો સંભળાવ્યો.

અચાનક આ જ દિવસે એમને તાવ ચડયો. બીજા દિવસે તાનસેનને બોલાવ્યો. તાનસેન બેનમુન ગાયક હતો. તાનસેને એમની સેવામાં આવીને ગાવાનું શરૂ કર્યું, પછી મારા વાલિદને બોલાવ્યા. તેઓ આવ્યા તો ફરમાવ્યું કે ખુદાના મિલનનો સમય નજીક આવી ગયો છે. તમારાની રુખસત થાઉ છું, પછી દસ્તાર મારા માથે મુકી, અને ફરમાવ્યું કે, સુલતાન સલીમને મારો જાનશીન બનાવું છું, એને ખુદાને સુપરદ કરું છું, તે જ હિફાજત કરનાર છે. પછી બીમારી અને કમઝોરી વધતી થઈ અને છેલ્લે ઈન્તેકાલ થઈ ગયો.

આલમગીર ઓરંગઝેબ રહ. હઝરત મુજદિદ રહ.ના સાહબઝાદા શેખ મુહમ્મદ માસૂમ રહ.ના હાથ ઉપર બયઅત હતા. હઝરત મુજદિદ રહ.ની તાલીમનો પૂરો અભ્યાસ કર્યો હતો એટલે શરીઅતના ખુબ પાબંદ હતા. અને શાહી જાહોજલાલ છતાં દરેક નમાઝ મસ્જિદમાં જમાઅત સાથે અદા ફરમાવતા હતા. જુમ્અહની નમાઝ પણ મસ્જિદમાં જાહેર રીતે મુસલમાનો સાથે જ અદા કરતા હતા. ઘરની મસ્જિદમાં રાત્રે અલ્લાહ વાળાઓ સાથે મજલિસ કરતા અને ઝિક્ર ફરમાવતા. ઉલમાએ કિરામ સામે કદી તકિયાને અડીને બેસતા નહીં. આલમગીર રહ.ને હઝરત શાહ વલીયુલ્લાહ રહ.ના વાલિદ શાહ અબ્દુર્રહીમ રહ.ને મળવાનો ઘણો જ શોખ હતો. પણ શાહ સાહેબ રહ. સુલતાનો અને અમીરોના ઘરે જવાને પોતાના રૂહાની બુઝુર્ગોની પરંપરા વિરુદ્ધ સમજતા હતા. એકવાર આલમગીર રહ.એ એમને સંદેશ મોકલાવ્યો કે મુલાકાતની આરઝુ છે. પરંતુ આપ રહ. દરબારમાં જવા બિલકુલ તૈયાર થયા નહીં, બલકે પોતાની મોજડી વીંટાળવા માટે ઉપયોગમાં લેતા કાગળ ઉપર જવાબ લખીને મોકલાવ્યો કે જેનું નામ બાદશાહની લિસ્ટમાં આવી જાય, એ નામ અલ્લાહ તઆલાની લિસ્ટમાંથી કાપી નાખવામાં આવે છે.

આલમગીર રહ.ને આ ચિઠ્ઠી મળી તો પોતાના ગજવામાં મુકી દીધી અને જયારે પણ કપડાં બદલતા તો આ ચિઠ્ઠી કાઢીને પહેરેલા કુર્તાના ગજવામાં મુકી દેતા, પછી સમય મળે ત્યારે વારંવાર કાઢીને પઢતા અને રડતા હતા.

ચિશ્તી સિલસિલાના એક બુઝુર્ગ શેખ અલી ચિશ્તી રહ. ચિશ્ત શહેરથી આવીને દિલ્હીમાં રોકાયા હતા. ચિશ્તમાં એમના પૂર્વજોની જગ્યાએ સજ્જાદહ નશીન બનાવવા હેતુએ એમને લેવા માટે બે બુઝુર્ગો દિલ્હી આવ્યા અને શેખ અલી ચિશ્તી રહ.ને ચિશ્ત પરત ફરવા રાજી કરી લીધા. સુલતાન ગયાસુદ્દીન બલબનને ખબર પડી તો પોતે સેવામાં હાજર થયો અને કદમોમાં પડીને કસમ ખાધી કે જો તમે ચિશ્ત જતા રહેશો તો હું પણ આ સલતનત છોડીને તમારી સાથે ચિશ્ત આવી જઈશ. શેખ અલી રહ.એ જોયું કે સુલતાનને મારા પ્રત્યે આટલી બધી અકીદત છે તો ચિશ્ત જવાનો ઈરાદો છોડી દીધો.

# ઇસ્લામમાં સામાજિક ન્યાય અને સમાનતા

અલ્લાહ તઆલાએ સઘળી માનવ વસતીને ફકત એક આદમ અલૈ.થી પેદા કરી છે. એટલે કહી શકાય કે અલ્લાહ તઆલાએ એના થકી પહેલા દિવસથી જ સઘળા મનુષ્યો વચ્ચે ન્યાય અને સમાનતાની બુનિયાદ નાખી દીધી છે. આ જ બાબતને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના આખરી સંબોધનમાં વર્ણવતા ફરમાવ્યું હતું કે, તમે બધા એક આદમ અલૈ.ની અવલાદ છો. અને આદમ અલૈ. માટીમાંથી બનાવવામાં આવ્યા હતા. કોઈ આરબ વ્યકિતને કોઈ ગેરઆરબ વ્યકિત ઉપર પ્રધાનતા નથી, અને ગેરઆરબ વ્યકિતને આરબ ઉપર કોઈ પ્રધાનતા નથી. ફકત તકવાના આધારે જ એક માણસ બીજાથી ઊંચો હોય શકે છે.

ન્યાય – અદ્‌લ અલ્લાહ તઆલાની સિફત છે. એટલે કે આ ગુણ અલ્લાહ તઆલા ધરાવે છે અને એના દરેક કાર્યમાં આ ગુણ જોવા મળે છે. સૃષ્ટિના સર્જનમાં દરેક સ્તરે અલ્લાહ તઆલાનો ન્યાયનો સિદ્ધાંત અને ગુણ કાર્યરત છે.

એટલે જ મખ્લૂક પણ પરસ્પર ન્યાય અને ઈન્સાફના આધારે એમનો સમાજ અને સંસાર ચલાવે એ અલ્લાહ તઆલાએ જરૂરી ઠેરવ્યું છે. જુલમ, અત્યાચાર, અતિરેક અન્યાયથી મનાઈ ફરમાવવામાં આવી છે.

અલ્લાહ તઆલાએ જે નબીઓ લોકોની સુધારણા અને કેળવણી માટે નક્કી ફરમાવ્યા, એ દરેક નબીની કેળવણી અને શિક્ષામાં ન્યાય અને ઈન્સાફ અને સમાનતાને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક હદીસમાં ફરમાવે છે :

"તમારાથી પહેલાંની કોમો એટલા માટે તબાહ બરબાદ થઈ ગઈ કે જયારે એમના માંહે કોઈ અશકત – કમઝોર ખાનદાનનો માણસ ગુનો કરતો તો એને સજા આપવામાં આવતી અને જો શકિતશાળી કે સમૃદ્ધ કબીલાનો માણસ ગુનો કરતો તો એને છોડી દેવામાં આવતો."

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈસ્લામની તાલીમ દ્વારા જે સુંદર સમાજ રચના બતાવી છે એની એક મોટી વિશેષતા દરેક વ્યકિતને રીતે સમાન રીતે ન્યાય અને ઈન્સાફ આપવો છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી ખલીફાઓના ઝમાનામાં ઈસ્લામની આ વિશેષતા સ્પષ્ટ રીતે જોવા મળે છે અને અનેક ઉદાહરણો દ્વારા તે વેળાના શાસકો અને કાજીઓ દ્વારા લોકો સમક્ષ આ વાત પૂરવાર કરવામાં આવી કે સમાન ન્યાય એ દરેક વ્યકિતનો અધિકાર છે અને ઈસ્લામી તાલીમ એનું સમર્થન કરે છે.

સમાનતા અને ન્યાય આધારિત ઈસ્લામી વિચારધારા અને કેળવણીનું જ પરિણામ છે કે વિશ્વના મહાન અને વિશાળ પ્રદેશો ઉપર ગુલામોને પણ સત્તા કરવાનું બહુમાન મળ્યું. ભારતમાં 'ગુલામવંશ'ના બાદશાહોનો પણ સોનેરી ઈતિહાસ છે. મુસ્લિમ શાસકોએ એમના ગુલામોને કેળવણી આપીને આઝાદ કર્યા અને એમને એટલું બધું સન્માન આપ્યું કે તેઓ સત્તાના ઉચ્ચ સ્થાને બિરાજમાન થયા. વિશ્વમાં પ્રચલિત અન્ય ધર્મો અને ધર્મને નકારનારી સેકયુલરિઝમ, કોમ્યુનિઝમ જેવી અન્ય વિચારધારાઓ પણ સમાનતા અને ન્યાયના આટલા ઊંચા સ્તરે કદી પહોંચી નથી. એનું મુળ કારણ આ છે કે કોઈ પણ વિચારને અમલમાં લાવતાં પહેલાં એની પાછળની નિયત નિખાલસ હોવી જોઈએ અને એના માટે સમાજના દરેક માણસે બલિદાન માટે તૈયાર હોવું પડે છે. મોગલ શાસકો અને સૈન્ય ઈસ્લામી વિચારોથી રંગાયેલ હોવાના કારણે પોતાના ઉપર ગુલામોના શાસનને સ્વીકારવા તૈયાર થઈ ગયા, પણ સમાનતાના નામે વિશ્વમાં પ્રચલિત વર્તમાન આધુનિક વિચારધારાઓના જનેતા અને નેતાઓને જયારે પોતાના અસ્તિત્વ અને સામાજિક મોભાનું બલિદાન દેવાનું આવે છે ત્યારે તેઓ પાછા 'જૂનવાણી' બલકે જંગલી બની જાય છે. ભારતમાં આજે પણ દલિતોની શાદીના વરઘોડા નીકળવા દેવામાં આવતા નથી. એને લઈ આજે પણ લોહિયાળ વિરોધ થાય છે. જે દર્શાવે છે કે ઈસ્લામ સિવાયની અન્ય સંસ્કૃતિઓમાં માનવીય અને સામજિક સમાનતા – ન્યાયની વિચારધારા કેવી છે ?

ઈસ્લામને અનુસરતા અને એમાં શ્રદ્ધા ધરાવતા દરેક મુસલમાને આ બાબતે પોતાની ફરજ સમજીને ન્યાય અને સમાનતાની ઈસ્લામી વિશેષતાને પોતાના જીવનમાં અપનાવવી જરૂરી છે. ઈસ્લામની આ ખૂબી આપણા અંદર નથી તો પછી આપણે કેવા મુસલમાન કહેવાશું એ આપણે જ વિચારવું રહયું.

———————————————

# સલામનું મહત્વ

✍ ..........અ.મજીદ કોઠી

સલામ એ ઈસ્લામ અને મુસલમાનોની વિશેષ્ટતા છે, નબીએ કરીમ (સલ.)ના જમાનામાં પણ સલામ ઉપર ખૂબ જ ભાર આપવામાં આવ્યો અને આજે પણ આ સલામ મુસલમાનોનું પ્રતિક ગણાય છે.

કુર્આનમાં પણ છે :

હે ઈમાનવાળાઓ! તમે તમારા ઘરો સિવાય અન્ય ઘરોમાં ત્યાં સુધી પ્રવેશ ન કરો જયાં સુધી તમને (અંદર જવાની) પરવાનગી ન મળે અને (જયાં સુધી) ઘરવાળાઓને સલામ ન કરી લો. (સૂરએ નૂરઃ ૨૭)

અન્ય એક જગ્યાએ છે કે "જયારે તમે ઘરોમાં દાખલ થાવ તો પોતાના ઘરવાળાઓને સલામ કરો આ અલ્લાહ તઆલા તરફથી મુબારક તોહફો છે. (સૂરએ નૂર : ૬૧)

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ.)નું ફરમાન છેઃ "જયારે અલ્લાહ તઆલાએ આદમ (અલૈ.)નું સર્જન કર્યુ તો તેમને સંબોધી કહયુંઃ જાઓ અને ફરિશ્તાઓની જમાઅતને સલામ કરો અને તે જે જવાબ આપે તેને ધ્યાનથી સાંભળજો કેમકે તે તમારી અને તમારી અવલાદની સલામ હશે.

એક માણસ નબીએ કરીમ (સલ.)ની સેવામાં હાજર થયા, તેમણે "અસ્સલામુ અલયકુમ" કહયું, આપ (સલ.)એ તેમનો જવાબ આપ્યો ત્યાર પછી તે (સહાબી) બેસી ગયા, નબીએ કરીમ (સલ.)ને ફરમાવ્યુંઃ દસ નેકીઓ થઈ ગઈ, ત્યાર પછી બીજા માસણ આવ્યા તેમણે "અસ્સલામુ અલયકુમ વ રહમતુ લ્લાહ" કહયું, આપ (સલ.)એ તેમને સલામનો જવાબ આપ્યો, જેથી તે બેસી ગયા. આપ (સલ.) તેમને સંબોધી ફરમાવ્યુંઃ બીસ નેકીઓ થઈ ગઈ. થોડી વાર રહીને અને અન્ય

માણસ આવ્યા તેમણે "અસ્સલામુ અલયકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહ" કહયું, આપ (સલ.)એ તેને જવાબ આપ્યો, તો તે બેસી ગયા, આપ (સલ.) એ ફરમાવ્યું ત્રીસ નેકીઓ થઈ ગઈ.

(સુ.અબૂદાઉદ: ૫૧૯૫)

### નાના – મોટા દરેકને સલામ કરવી

હઝરત અબૂ હુરૈરહ (રદી.)ની રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ.)નો ઈરશાદ છે " જયાં સુધી તમે મો'મીન ન થઈ જાવ ત્યાં સુધી જન્નતમાં જઈ શકતા નથી,(એટલે કે તમારૂ જીવન ઈમામવાળુ થઈ જાય નહી) અને જયાં સુધી તમે પરસ્પર એકબીજા સાથે મુહબ્બતની વર્તો નહીં ત્યાં સુધી તમે મો'મીન નથી હોઈ શકતા, હું તમને એવો અમલ ન બતાવુ જેનાથી પરસ્પર તમારામાં મુહબ્બત પેદા થઈ જાય ? (તે આ છે) સલામને પરસ્પર ખુબ ફેલાવો. (મુસ્લિમ)

હઝરત ઈબ્ને મસ્ઉદ (રદી.)નું કથન છે કે અલ્લાહના રસૂલ(સલ.)નું ફરમાન છે :" કિયામતની નિશાનીઓમાંની એક નિશાની આ છે કે એક વ્યકિત બીજી વ્યકિતને કેવળ ઓળખાણના લઈ સલામ કરે,(ન કે મુસલમાન હોવાના લઈ)(મુસ્નદે અહમદ)

હઝરત અબૂ ઉમામા (રદી.) રિવાયત બયાન કરે છે કે અલ્લાહના રસૂલ (સલ.)નું ફરમાન છે " લોકોમાં અલ્લાહની નિકટતાનો સૌથી વધુ હકદાર તે (વ્યકિત) છે જે સલામ કરવામાં પહેલ કરે. (અબૂ દાઉદ)

હઝરત અબ્દુલ્લાહ (રદી.)થી રિવાયત છે કે નબી (સલ.)નો ઈર્શાદ છે કે "સલામમાં પહેલ કરનાર માણસ અભિમાન – ગર્વથી મુકત છે.(બયહકી)

હઝરત અબ્દુલ્લાહ (રદી.) ફરમાવે છે કે મને અલ્લાહના રસૂલ (સલ.) એ ઈરશાદ ફરમાવ્યો કે "મારા વહાલા દિકરા ! જયારે તમે પોતાના ઘરમાં પ્રવેશો તો સલામ કરો, જે તારા અને તારા પરિવારજનો માટે બરકતનું કારણ બનશે. (તિરમિઝી)

એક રિવાયત માં છે કે નબી (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો કે" જયારે

તમે કોઈના ઘરમાં પ્રવેશ કરો તો ઘરવાળાઓને સલામ કરો. અને જયારે ઘરેથી જવા લાગો તો(પણ) ઘરવાળાઓને સલામ કરી જાવો.

હઝરત અબૂ હુરૈરહ (રદી.)નું કથન છે કે નબી (સલ.)નો ઈરશાદ છે કે" નાનો મોટાને સલામ કરે, પસાર થનાર બેસનારને સલામ કરે, અને થોડા માણસો વધુ માણસોને સલામ કરે. (બુખારી શરીફ)

હઝરત અબૂ હુરૈરહ (રદી.) રિવાયત બયાન કરે છે કે"લોકોમાં સૌથી વધુ મજબુર વ્યકિત તે છે જે દુઆ કરવાથી મજબૂર હોય, એટલે કે દુઆ કરતો ન હોય, અને લોકોમાં સૌથી વધુ કંજૂસ માણસ તે છે જે સલામમાં કંજૂસાઈ કરતો હોય. (મજમઉલ ઝવાઈદ)

હઝરત ઈબ્ને મસ્ઉદ (રદી.) અલ્લાહના રસૂલ (સલ.)નો ઈરશાદ નકલ કરે છે કે " સલામની પરિપૂર્ણતા મુસાફો છે." ( તિરમિઝી)

હઝરત બરા (રદી.) રિવાયત બયાન કરે છે કે અલ્લાહના રસૂલ (સલ.) નો ઈરશાદ છે કે" જે બે મુસલમાન પરસ્પર મુલાકત કરે છે અને મુસાફો કરે છે તો અલ્લાહ તઆલા તેમના અલગ થતા પહેલા બન્નેવ ના ગુનાહો માફ કરી દે છે .(અબૂ દાઉદ)

જો સલામના આદાબની રિઆયત કરી તેને આમ કરવામાં આવે તો આ ખૈર, રહમત, બરકત ઔર પરસ્પર મુહબ્બતનું શ્રેષ્ઠ માધ્યમ હોવા ઉપરાંત મગ્ફિરતનું કારણ પણ બની શકે છે. કાશ! આપણે આ પવિત્ર શબ્દ "સલામ" ને અન્ય લોકોની જેમ રિવાજી તૌર પર નહીં, બલકે સાચા દિલથી સુન્નત અને ઈખ્લાસની નિય્યતથી અદા કરીએ, જેથી આ સલામ કૌમની એકતા, સલામતી ઉપરાંત કૌમની મગ્ફિરતનું કારણ પણ બની શકે. તેમજ બિનમુસ્લિમોમાં પ્રચલિત શબ્દો, હાય, બાય, હેલો, નમસ્તે વગૈર જેવા શબ્દોથી બચવું જોઈએ કેમકે ઈસ્લામમાં કાફિરોના અનુકરણની મનાઈ છે.

અલ્લાહ તઆલા આપણ સૌને નબીએ કરીમ (સલ.)ની એક એક સુન્નતને જીવંત કરવાની તૌફીક આપે.

---

શરઈ માર્ગદર્શન

## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### ફિક્સ નફાના વાયદે હપ્તેથી રોકાણ અને પિરામીડ સિસ્ટમમાં એજન્ટ બનવાનો હુકમ

સવાલ(૧) હાલ અમારા વિસ્તારમાં એક પબ્લીક લીમીટેડ કંપની ચાલુ થયેલ છે, જેનું મુખ્ય મથક ચંડીગઢ છે, તેની વિવિધ સ્કીમ યોજનાઓ અને હેતુઓ નીચે મુજબ છે, આપ તેનો અભ્યાસ કરી તેમાં રોકાણ કરવું જાઈઝ છે કે ના જાઈઝ છે તે વિશે યોગ્ય માર્ગદર્શન આપશો.

૧– આ કંપનીમાં જે વ્યકિત ગ્રાહક બને છે તેને અમુક રકમના અમુક ચોક્કસ મુદ્દત સુધીના હપ્તા ભરવા પડે છે, દા.ત. રૂ. ૨૪૦ નું ખાતું ખોલાવો તો ૬૬ હપ્તાની તેની ૧૫ હજાર રકમ જમા થાય, હવે મુદ્દત પુરી થયે તેને આ ૧૫ હજારના ૨૧૮૨૦ રૂ. મળે છે.

આ રીતે જયારે કોઈ વ્યકિત કંપનીનો ગ્રાહક બને છે, તો કંપની તેના નામ ઉપર ૩૦૦ ચો. વારનો પ્લોટ ખરીદે છે, અને તેના નાણાનું તેમાં રોકાણ કરે છે અને તેમાંથી તેને નફો આપે છે, હવે જો મુદ્દત પુરી થયે ગ્રાહકને વધારાના પૈસા સાથે રકમ પરત ન જોઈતી હોય તો ગ્રાહકને જે તે સ્થળે તેના નામે ખરીદેલ જમીન જોઈતી હોય, તો પણ આપે છે, તેનો દસ્તાવેજ કરી આપે છે, હવે અમે પૂછયું કે બાંધેલી રકમ જ કેમ ? તો તેના જવાબમાં એ લોકો એમ કહે છે કે ગ્રાહકને વિશ્વાસ રહે કે આટલા પૈસા તો અમને મળવાના જ છે. આ સ્કીમમાં અકસ્માત, વીમાનો પણ લાભ છે જે ફરજિયાત નથી. તો આ જાઈઝ છે કે ના જાઈઝ ?

૨– બીજી વાત એ છે કે ઉપર મુજબ ગ્રાહક પોતાની રકમ ફિકસ તરીકે પણ મુકી શકે છે અને તેમાં પણ ઉપર મુજબની બધી કાર્યવાહી છે તો તે યોગ્ય છે કે અયોગ્ય ? તે જણાવશો.

૩– આ કંપનીમાં જે જોડાય અને તેનો એજન્ટ બને તેને કંપની ગ્રાહકના જમા થયેલ ૧૦૦ રૂ. ઉપર ૧૫ ટકા કમિશન આપે છે, પ્રથમ વર્ષે અમુક રકમનો ટાર્ગેટ હોય છે તો ટાર્ગેટ તે પુરો કરી નાખે તો બીજા વર્ષે તેને ગ્રાહકો બનાવવાના રહેતા

નથી, પરંતુ તે હવે એજન્ટો બનાવે છે અને તે એજન્ટો બીજા માણસોને ગ્રાહકો બનાવે છે, તેમાંથી તેને ૫ ટકા કમીશન મળે છે, ત્રીજા વર્ષે તેણે કોઈ પણ કામ જો તેનો ટાર્ગેટ પુરો થઈ ગયો હોય તો કરવાનું રહેતુ નથી. તેને એમ જ ગ્રાહકો અને એજન્ટોના કામ પર ૫ ટકા લેખે કમીશન મળતું જાય છે આવી રીતે દર વર્ષે તેને બઢતી મળતી રહે છે, તો શું આવી રીતે એજન્ટ બનવું કે કમીશન લેવું જાઈઝ છે ?

કંપની આ રીતે ગ્રાહકોના પૈસા દ્વારા વિવિધ વ્યવસાયની અંદર પૈસાનું રોકાણ કરે છે, જેના હેતુઓમાં પડતર જમીનનો વિકાસ કરવો, પ્રદુષણ અટકાવી પર્યાવરણ સુધારવું વિગેરે છે.

બીજી વાત કે કંપની ગ્રાહકોને જમા થયેલ પૈસા પર લોન આપતી નથી, તેમજ તે પૈસાનું ધિરાણ કરી વ્યાજ વસુલ કરતી નથી.

જો આ વસ્તુ નાજાઈઝ હોય તો આપના દેખરેખ હેઠળ ચાલતા માસિકમાં સવાલ જવાબ મુકી તેનો પ્રચાર કરશો જેથી મારા જેવા લાખો મુસ્લિમ ભાઈઓ, જે આની અંદર જોડાયેલા છે તેઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે. એવી નમ્ર અરજ છે.

**જવાબ :** حامدا مصليا ومسلما

સવાલમાં પૈસા રોકાણની જે ત્રણ સુરતો રજૂ કરવામાં આવી છે, આ ત્રણેવ સુરતો નાજાઈઝ છે, પેહલી સુરત વ્યાજુ છે અને વેપારના સહીહ થવા માટેની જરૂરી શરતો તેમાં ઉપસ્થિત નથી.

બીજી સુરત પણ સ્પષ્ટ રીતે વ્યાજુ છે અને વ્યાજને કુર્આન અને હદીષમાં સ્પષ્ટ રીતે હરામ ઠેરવવામાં આવ્યું છે અને એના આચરણ ઉપર સખત ધમકી સંભળાવવામાં આવી છે.

ત્રીજી સૂરત "પિરામીડ સિસ્ટમ" ઉપર આધારિત છે અને આ પ્રમાણેની વેપાર – માર્કેટીંગની રીતો વિશે હિન્દુસ્તાન, પાકિસ્તાન અને અરબસ્તાનના વધુ પડતા મુફતી હઝરાત અને ઉલમાએ કિરામે ના જાઈઝ હોવાનો ફતવો આપ્યો છે. (મલ્ટી લેવલ માર્કેટીંગ કા શરઈ હુકમ ઉપરથી)

સદર સૂરતમાં પણ વેપારના જાઈઝ હોવા વિશેની શરતોનું ઉલ્લંઘનની સાથે કુર્આન અને હદીસમાં મના કરવામાં આવેલ વસ્તુઓનું આચરણ થતું હોય, ના જાઈઝ છે. (સૂરએ બકરહઃ ૨૭૫, શર્હુલ મજલ્લહ– સલીમ રૂસ્તમ : ૧ / ૯૭, દુર્ર – શામીઃ ૪ / ૧૯૬,૧૯૭, મિશ્કાત શરીફઃ ૧ /૨૪૮, અલ ફિકહુલ હનફી ફી સવબિહીલ જદીદઃ ૫ / ૯૦ ઉપરથી) *ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

(તા. ૨૩ / શવ્વાલ ૧૪૩૨ હિજરી – ૨૨ / ૯ / ૨૦૧૧ ઈસ્વી)

બોધકથા ..

એક યુવાન પ્રતિકુળ પરિસ્થિતિઓ કપરા સંજોગોના કારણે ઘણો પરેશાન હતો. પોતાના વર્તમાનથી અત્યંત નિરાશ હતો અને ઈચ્છતો હતો કે જિંદગીની રાહ બદલાય અને સુખેચન મળે.

અંતે પોતાના વડીલ મુરબ્બી પાસે ગયો અને સઘળી વિગત દર્શાવીને નવી જિંદગી માટે માર્ગદર્શન માંગ્યું.

એમણે યુવાનને કહયું કે ઘરે જાઓ. એક ગલાસમાં એક મુટ્ઠી મીઠું નાખીને પીવો અને બીજા દિવસે આવજો.

યુવાન ઘરે ગયો અને ગલાસમાં મુટ્ઠી મીઠું નાખીને પાણી પીધું. બીજા દિવસે ઉસ્તાદે એને પૂછયું કે પાણી કેવું હતું ? યુવાને જણાવ્યું કે, એટલું બધું ખારું કે પીવાય પણ નહીં.

ઉસ્તાદ એને લઈને તળાવે આવ્યા. અને કહયું કે એટલું જ મીઠું આ તળાવમાં નાખી દયો. મીઠું નાખ્યા પછી પાણી પીવાનું કહયું. યુવાને પાણી પીધું તો પૂછયું કે કેવું લાગ્યું ? યુવાને જણાવ્યું કે પાણી તો મીઠું અને સરસ છે. બિલ્કુલ ખારું નથી.

ગુરૂજીએ હવે એને શિખામણ આપી કે આપણા જીવનમાં આવતી પરેશાનીઓ આ મીઠા – નમક જેટલી જ છે. પણ આ નમક જે પાણીમાં નાખવામાં આવે એ મુજબ એનો સ્વાદ બદલાય છે. સમાજના દરેક માણસને આવી જ તકલીફો અને પરેશાનીઓ વેઠવી પડે છે. પરંતુ બધા માણસો સરખા નથી હોતા, અમુક માણસો એક ગલાસ પાણી જેવા હોય છે, જેઓ થોડીક અમથી મુસીબતથી ગભરાય જાય છે અને અમુક માણસો તળાવ જેવા વિશાળ દિલ અને હિમ્મત વાળા હોય છે. આટલી મુસીબતો એમના ઉપર અસર પણ નથી કરતી. માટે માણસે વિશાળ હદય અને બુલંદ હિમ્મત રાખવાની જરૂરત છે.

મુસીબતના સમયે હતાશામાં ડૂબવાના બદલે પોતાના વિચારોને બદલીને હકારાત્મક કામો અને વાતોમાં લાગી જાઓ. હતાશા માણસના જીવનના પાણીને ખારું કરી નાખે છે. અને હિમ્મત – આશા વિશાળ તળાવ સમાન છે, એ જીવનની મજાને ખારી નથી થવા દેતાં.

# ROLE OF MUSLIM WOMAN IN FAMILY LIFE

Here it seems necessary to discuss the position given by Islam to woman in family and community life of mankind. Islam has established woman in a wellplaced and wonderful way. It is in accordance with Islam's viewpoint with regard to individual and society. which makes no discrimination between man and woman and gives equal opportunity to both the sexes in accordance with their respective nature, in family. For example, when the baby girl reaches her age of understanding, both her father and mother address her very affectionately "dear daughter". If she has a brother he calles her "dear sister" in a sweet voice. Likewise she hears similar loveful words form all relatives and family members. When this girl grows still up and begins a new (married) life she is considered as 'faithful companion and life partner'. When she gives birth to a child she attains the dignified status of 'mother' The point of view of Islam about the daughter, sister, wife and mother is briefly discussed below :-

(1) WOMAN AS A DAUGHTER :-Islam has given to woman the unforgettable right to live with dignity. The baby girl was being buried alive in days of ignorance. Islam made people understand that she is a means of attaining paradise for the father. The holy

prophet has said: "On the day of Judgement, that man will be fortunate to live with me in paradise who nourished, cared, trained and married off his three daughters to suitable men". Quran gave the right of living to woman and removed the fear and anxiety about daughters from the hearts and minds of her parents.

Is it not the highest honour to womanfolk that the holy prophet started his each and every journey from the house of his dear daughter Fatima (r.a.) and also ended it there. When Hazarat Hamzah (r.a.) was martyred, there began a competition between Hazrat Ali (r.a.), Hazarat Jaafar (r.a.) and Hazrat Zaid bin Haaresa (r.a.) for taking up the maintenance of H. Hamza's orphaned daughter. What does this enthusiasm show? The holy prophet's daughter H.Zainab's daughter H.Umama, when she was a babe, used to climb on the shoulders of the holy prophet when he was engaged in his Namaaz prayers. How much affection the holy prophet had for his grand daughter !

(2) WOMAN AS A SISTER :- The holy prophet has also said that nourishment and maintenance of sisters also leads one to Jannat (paradise), which shows the special and high position of a sister in an Islamic family. If parents have expired then it is the responsibility of brothers to nourish and maintain their sisters in a dignified manner. After the battle of Hunain,

the holy prophet's foster sister Shaima was brought as a prisoner of war. The holy prophet became tearful, quite naturally. He spread out his chador (cloth sheet), made her sit on it and talked affectionately with her for some time, gifted her some animals and sent her to her home very respectfully. This led to the freedom of a number of other POWs also.

Islam has not only taught respect for sister but it has also given her a share in inheritance. For example, if a dead fellow has left a sister and a daughter as his heirs, then the sister will get 3/4th and the daughter 1/4th of heirship property and wealth. Likewise if she is a heir a woman gets fixed share the details of which can be seen in books of Fiqh. (Islamic Jurisprudence).

(3) WOMAN AS A WIFE :- We have read about a wife's position and status in previous pages. What can be more respectful than the holy prophet's saying that marriage equals to one half of religion and averred that "God must be feared regarding the other half of Deen." In this way the holy prophet has declared woman (the wife) as the protector of one half of religion.

In a Hadis-e-Qudsi (wherein the holy prophet quotes the actual words of God), the holy prophet has said that God says PROVIDING ASSISTANCE TO THREE KINDS OF PEOPLE IS MY OWN RESPONSIBILITY and one of the three is the one who marries to protect his moral character. This Divine word raises the greatness of woman somewhat more,

According to Islamic system of economy, wife has also a right to inheritance. The history of the world gives witness that it is Islam which gave such kind of right to woman for the first time.

(4) WOMAN AS A MOTHER :- Islam has given such a high position to woman as mother that a man can never attain that greatness even after his utmost efforts. In order to make this dignity understood. God has, next to the command of worshipping ONLY ONE GOD (Tawheed) and prohibition of SHIRK (polytheism), the most important Commandment is to behave nicely with parents (mother and father). This good behaviour with mother and father has been emphasised in various ways in different places in the holy Quran and it can be said with certainty that the status of mother is highter than that of the father in many aspects.

H. Abuhurairah (r.a.) once asked the holy prophet (s.a.w.): "Who is more entitled to receive the nicest behaviour from me? He asked this question thrice and every time the holy prophet replied : "Your Mother". When he asked for the fourth time he said : "Your Father." This is why when one of his componions asked for the permission of the holy prophet to go to battle field for a jihaad in God's path, the holy prophet asked that fellow to attent to his mother and to serve her as paradise lies beneath the feet of mother.

Once a man came to the holy prophet to

complain against his mohter :

The holy prophet asked that man: "Has she become bad today? Was she not bad when she preserved and protected you in her womb for nine months at a stretch? That fellow repeated his words against his mother. The holy prophet asked him again: was she not bad when she gave you breast-feeding continously for two years ? When the man spoke in the same vein for the third time, the holy prophet again asked him: "Was she not bad all the time when she took no sleep during nights because of you? That man at last said: "Yes all these things are correct but I have repaid all her good dealings with me. I have made her perform Hajj holding her on my shoulder. "The holy prophet replied to him in a very sharp manney: You have not repaid even a single breathe which she had taken due to pain at the time of your birth. These words of holy prophet have raised the honour and respect and dignity of a mother to such a zenith that no father can ever reach despite all his efforts.

This is why the holy prophet was addresssing his foster mother (who had fed him milk) Daai Halima as " O my mother: He used to spread his own chador to make her sit thereon.

———————————————————————

———————————————

## નેકી અને બુરાઈનું મુળ

સારા અને ખરાબ લોકો વિશે મેં વિચાર કર્યો તો મને સમજાયું કે, મુળ વસ્તુ બુદ્ધિ અને સમજ છે. જે લોકો એનો સારો ઉપયોગ કરે છે તેઓ સારા કામો કરે છે અને જે લોકો બુદ્ધિ અને સમજને વાપરતા જ નથી, તેઓ આખરે બુરા કામો કરે છે. (ઈબ્ને જવઝી રહ.)

## અવલાદની તાલીમ

ઈમામ શઅરાની રહ. ફરમાવે છે, મેં મારા ઉસ્તાદ શેખ અલી ખવાસ રહ.ના મુખે સાંભળ્યું હતું કે, ઉલમા અને નેક લોકોની અવલાદની તરબિયતમાં સહુથી વધારે લાભદાયી બાબત આ જ છે કે માણસ પોતાની અવલાદ માટે એકાંતમાં દુઆ કરે અને અવલાદનો મામલો અલ્લાહ તઆલાને સુપરદ કરી દે. હું પણ મારા છોકરા બાબતે પરેશાન હતો, એને તાલીમનો શોખ ન હતો. એક રાતે મેં દુઆ કરીને એનો મામલો અલ્લાહ તઆલાને હવાલે કરી દીધો તો સવારથી તે આપમેળે તાલીમાં પ્રવૃત થઈ ગયો.

## નેકીનું નૂર

એક નેકી બીજી નેકીનું નુર વધારે છે અને સરળ બનાવે છે. અલ્લાહની ઈબાદત કરનાર લોકો સારી પેઠે જાણે છે કે જે દિવસે સવારે તહજ્જુદ છુટી જાય છે, તો આખા દિવસની ઈબાદતમાં દિલ નથી લાગતું. અને આ જ કારણસર અમલ કરનાર માણસની તકરીર અસરકારક હોય છે.

## ખુદાની અમાનત

આ દુનિયામાં અલ્લાહ તઆલાએ આપણને જે કંઈ પણ આપ્યું છે એ બધું જ એની અમાનત છે. અને સૌથી મોંઘી અમાનત અવલાદ છે. જેની તાલીમ તરબિયતની જવાબદારી પણ આપણે માથે નાખવામાં આવી છે.

## ખતરનાક ચોરી

અમુક લોકો રોજ ચોરી કરે છે, પણ જુદી રીતે...

નબીએ કરીમ સલ. ફરમાવે છે : સૌથી ખતરનાક ચોર નમાઝમાં ચોરી કરનાર છે. લોકોએ પૂછયું : નમાઝમાં ચોરી ? તો ફરમાવ્યું : નમાઝના રુકૂઅ – સજદહ બરાબર ન કરવા, એ નમાઝમાં ચોરી કરવા સમાન છે. (મુસ્નદે અહમદ)

## આરોપોનો જવાબ

પોતાના વિરુદ્ધ કરવામાં આવતી વાતો અને આરોપો સાંભળી લ્યો, અને જવાબ આપવામાં માટે સમયને મોકો આપો.

## સમાજની એક સમસ્યા

સમાજની એક સમસ્યા આ પણ છે કે આપણા મોઢે કડવી વાત કહેનારને બદઅખ્લાક ગણીએ છીએ અને પીઠ પાછળ બુરાઈ કરનારને બાઅખ્લાક !

## ખુદા તઆલા નજીક કે દૂર ?

માણસ અજીબ પ્રાણી છે. દુઆ કરતી વેળા સમજે છે કે અલ્લાહ તઆલા ઘણા જ નજીક છે અને ગુનો કરતી વેળા વિચારે છે કે અલ્લાહ દૂર છે.